પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૫/૧૧/૨૦૨૬, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું. : વિક્રમ સવંત ૨૦૮૨ કારતક સુદ-૬ વર્ષ : ૧૭ અંક : ૨૭૯

સુવિચાર

''તસવીરમાં સૌ સાથે દેખાય, તકલીફમાં સાથે દેખાય તો કામનું.''

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



મહા આરતી, શોભાયાત્રા, સમૂહપ્રસાદ સહિતનાં અનેકવિધ કાર્યક્રમો સાથે


અમરેલી જિલ્લામાં આવતીકાલે શ્રી જલારામ જયંતીની ઠરાશે ઉજવણી

શ્રી જલારામ જયંતીની ઉજવણીનાં ભાગરૂપે પૂર્વ દિને આજે વિશાળ બાઈક રેલી યોજાશે

આજે સવારે ૧૧ કલાકે શ્રી જલારામ મંદિર લીલીયા રોડથી બાઈક રેલીનું પ્રસ્થાન થશે

બાઈક રેલીમાં સૌ કોઈને જોડાવવા રઘુવંશી અગ્રણી યોગેશ ગણાત્રા અને મહેશ સોમૈયાએ કર્યો અનુરોધ

આવતીકાલ સોમવારે શ્રી જલારામબાપાની ૨૨૭મી જન્મજયંતીએ શોભાયાત્રા, મહાઆરતી, મહા પ્રસાદ સહિતનાં કાર્યક્રમો યોજાશે









અમરેલી, તા. ૧૪

દર વર્ષની જેમ અમરેલી શહેરના રઘુવંશી લોહાણા સમાજ દ્વારા તા. ૧૬ નવેમ્બરના સોમવારના રોજ પૂ. જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતિ ઉજવવાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ વર્ષે લોહાણા યુવક મંડળ દ્વારા આગલા દિવસે તા. ૧૫/૧૧ના રવિવારે સવારે ૧૧ વાગ્યે ભવ્ય બાઈક રેલીનું આયોજન કરવામાં આવેલ છે.

આ ઉપરાંત તા. ૧૬/૧૧ના રવિવારે બપોરે ૩:૩૦ કલાકે દર વર્ષની જેમ લીલીયા રોડ જલારામ મંદિરથી શોભાયાત્રા પ્રસ્થાન કરશે, જે ભીડભંજન મંદિર થઈ નાના બસ સ્ટેન્ડ સર્કલ, ટાવર રોડ, ટાવરથી હવેલી રોડ, કાશ્મિરા ચોક થઈ નાગનાથ મંદિર સુધી જશે જ્યાં આ શોભાયાત્રાનું સમાપન થશે. નાગનાથ મંદિરથી લાઠી રોડ પર આવેલ માતૃશ્રી અંબાબેન નરસીદાસ સોઢા લોહાણા મહાજન વાડી) ખાતે જવા માટે બસની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

આ શોભાયાત્રાના દિવસે તમામ લોહાણા જ્ઞાતિબંધુઓ પોતાના વેપાર ધંધા બંધ રાખી કાર્યક્રમમાં જોડાનાર છે. આ ઉપરાંત શહેરના લોહાણા પરિવારોના તમામ સદસ્યો, યુવાનો, વડીલો, માતાઓ તથા બહેનોને મોટી સંખ્યામાં આ શોભાયાત્રામાં જોડાશે.

આ શોભાયાત્રામાં બાળ જલારામ અને કળશ કન્યાઓ પણ જોડાનાર છે. શોભાયાત્રામાં ભાગ લેનાર તમામ બાળ જલારામ અને કળશ કન્યાઓને મહાજન દ્વારા આકર્ષક ગિફ્ટ આપવામાં આવશે.

આ બાળ જલારામ તથા કળશ કન્યાઓની તમામ વ્યવસ્થા યોગેશભાઈ ગણાત્રા, મહેશભાઈ સોમૈયા, પ્રિતેશભાઈ માનસેતા, પ્રફુલ્લભાઈ બાટવીયા, નંદકિશોરભાઈ રાજા, કેતનભાઈ ભુપતાણી, મેહુલભાઈ વડેરા, આશિષભાઈ કોટેચા, અમિતભાઈ સેલાણી, મિલનભાઈ ગઢીયા, રવિભાઈ ભીમજીયાણી, ગીરીશભાઈ ચાન્દ્રાણી, વિનુભાઈ રતનઘાઈરા, જીગ્નેશભાઈ કોટક તથા તેજસભાઈ મસરાણી કરી રહ્યા છે.

શોભાયાત્રાને આકર્ષક બનાવવા, બેન્ડ, ડી.જે. તથા બગ્ગીની વ્યવસ્થા કરવામાં આવનાર છે, જેનું સંકલન ટ્રસ્ટી સતિષભાઈ આડતીયા તથા બાલજીભાઈ સેલાણી કરી રહ્યા છે.

આ ઉપરાંત આ શોભાયાત્રા સફળ બને અને વધુમાં વધુ

અનુસંધાન પાના ૬ ઉપર







દિવાળીની રાત્રે ખેલાયો હતો ખૂની ખેલ

ખાંભાનાં હત્યા કેસમાં સાત આરોપીઓનું રીકન્સ્ટ્રકશન કરાયું

કપાસની ગાડીનાં ભાડાનાં ઝઘડામાં એક વ્યકિતની કરાઈ હતી હત્યા



ખાંભા, તા. ૧૪

ખાંભામાં દિવાળીની રાત્રે જ એક જ જ્ઞાતિના બે જૂથ વચ્ચે થયેલા અથડામણમાં વચ્ચે પડેલા નિર્દોષ સુલતાન સોલંકીની હત્યા થઈ હતી. આ કેસમાં પોલીસે સાત જેટલા આરોપીઓની ધરપકડ કરીને કોર્ટમાં રજૂ કર્યા હતા ત્યાંથી છ દિવસની રિમાન્ડ મળ્યા બાદ પોલીસે આરોપીઓને ઘટના સ્થળે લઈ જઈ રીકન્ટ્રકશન કર્યું હતું.

ખાંભાના ભગવતી પરા વિસ્તારમાં દિવાળીના દિવસે બનેલી આ ઘટનામાં આરોપી અને ફરિયાદીના જ્ઞાતિના વ્યકિત નયમભાઈ વચ્ચે ગાડી ભાડા વચ્ચે અગાઉ થયો હતો વિવાદ. ત્યારે વિવાદના સમાધાન માટે હુસેનભાઈ ઉર્ફે કાળુભાઈ ગનીભાઈ સોંલકીએ મધ્યસથી થઈ બંને પક્ષને સમાધાન માટે ભેગા કર્યા હતા અને બંને પક્ષને ટિફિન સાથે બેસી જમી લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જયારે આ સમાધાનની વાતચીત દરમિયાન તું તું મેં મેં ચાલુ થઈ હતી. એ દરમિયાન થોડી વારમાં વાતચીત દરમિયાન વાતાવરણ ઉગ્ર બની ગયું હતું. ત્યારે બાજુમાં ભંગારનો ડેલો ચલાવતા સુલતાનભાઈ સોંલકી આ સમાધાન સ્થળે પહોંચયા હતા અને સમાધાનમાં પડયા હતા. શાંત રહેવા માટે સમજાવતા હતા તે દરમિયાન ઉગ્ર વાતાવરણમાં આરોપી હથિયાર સાથે તૂટી પડયા હતા. જે વ્યકિત સાથે આ માથાકૂટ હતી તે વ્યકિતને તો માર માર્યો જે સમાધાનમાં બેઠેલા હતા તેમની ઉપર પણ જાન લેવા હુમલો કર્યો હતો. જેમાં સુલાતનભાઈ સોંલકી ઉપર પણ છરી વડે હુમલો કર્યો હતો. શરીરના ભાગે ઉંડા ઘા વાગતા સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું જયારે અન્ય પાંચથી વધુ અશરફ, નયમાં, ભીખુ, અરબાઝ, રૂપેદા, મહેબૂબ, સહિતના લોકોને ઈજાઓ થઈ હતી. ત્યારે ખાંભા પોલીસ દ્વારા ગણતરીની જ કલાકોમાં આરોપીઓને દબોચી લીધા હતા. ત્યારે પકડાયેલા સાતેય આરોપીઓની પોલીસે પૂછપરછ શરૂ કરી ત્યારે આ હત્યાના ગુનામાં પોલીસે ઓસમાન શાહ, પઠાણ, અકીલ શાહ પઠાણ, અબ્દુલ શાહ રફાઈ, હનીફ શાહ રફાય, રિઝવાન શાહ રફાય, અબીબશાહ પઠાણ, ઈમરાન શાહ પઠાણની ધરપકડ કરી હતી. કોર્ટે તમામ આરોપીના છ દિવસના રિમાન્ડ મંજૂર કરતા પોલીસે ઘટના સ્થળે પંચનામુ અને રીકન્સ્ટ્રકશનની કાર્યવાહી પૂર્ણ કરીને હાલ પોલીસ દ્વારા હથિયારો કબજે કરવા અને સમગ્ર ઘટનાની વધુ વિગતો મેળવવા માટે આરોપીઓની પૂછપરછ કરવામાં આવી રહી છે.

ખાંભામાં હત્યાની આ ઘટના દરમિયાન પોલીસની સતર્કતા અને સમયસૂચકતાની પણ મહત્વપૂર્ણ ભૂમિકા સામે આવી છે. ડીવાયએસપી નયના ગોરડીયાના જણાવ્યા અનુસાર, ખાંભા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારી દાદુભાઈ કોબાડ પોતાની ડયૂટી પૂર્ણ કરી ઘરે જઈ રહ્યા હતા તે દરમિયાન જાહેર રસ્તા પર ૧૦થી ૧૫ લોકો વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ઝઘડો થતો જોઈ તેમણે પોતાની ફરજ પ્રત્યેની નિષ્ઠા દાખવી તાત્કાલિક ત્યાં રોકાઈ ગયા હતા. પોતાની ઓળખ પોલીસ કર્મચારી તરીકે આપી બંને પક્ષોને શાંત પાડવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, આ દરમિયાન અબ્દુલ નામના શખ્સે છરી વડે હુમલો કરતાં દાદુભાઈ કોબાડે હિંમતપૂર્વક તેની પાસેથી છરી ઝૂંટવી લીધી હતી. પરંતુ ઉશ્કેરાયેલા ટોળા વચ્ચે બીજી છરી વડે પણ હુમલો કરવામાં આવ્યો હતો. પરિસ્થિતિની ગંભીરતા પારખીને તેમણે તાત્કાલિક પોલીસ સ્ટેશન અને ત્યારબાદ ૧૧૨ને જાણ કરી હતી. ગણતરીની ક્ષણોમાં વધારાનો પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. આમ, ફરજ પૂરી થયા બાદ પણ એક પોલીસ કર્મચારીએ નાગરિકોની સુરક્ષાને પ્રથમ પ્રાધાન્ય આપ્યું હતું. દાદુભાઈ કોબાડની હિંમત, સતર્કતા અને સમયસરની જાણકારી તેમજ ૧૧૨ની ઝડપી મદદના કારણે પરિસ્થિતિ વધુ વણસતી અટકાવવામાં મહત્વપૂર્ણ મદદ મળી હતી. જે પોલીસની ફરજ પ્રત્યેની નિષ્ઠા અને જનસુરક્ષાની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે. કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

કાઈમ બ્રાન્ચની કામગીરી

રાજુલા : કડીયાળી ગામે કોપરનાં કેબલની ચોરી કરનાર 3 ઈસમો ઝડપાયા



અમરેલી, તા. ૧૪

અમરેલી જિલ્લામાં બનવા પામેલ મિલકત સબંધી ગુન્હાઓના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને વણશોધાયેલ ગુનાઓ ડીટેકટ કરવા અમરેલી એલ.સી.બી. ટીમને જિલ્લા પોલીસ વડા દ્વારા સૂચના આપવામાં આવેલ હતી.

જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. સી.પી. વાઘેલાની રાહબરી હેઠળ અમરેલી એલ.સી.બી. ટીમ પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનનો કેબલ વાયર ચોરીનો ગુનો ડીટેકટ કરવા તથા મિલકત સબંધી આરોપીની સઘન તપાસમાં હતી. તે દરમ્યાન બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે જાફરાબાદ તાલુકાનાં લોઠપુર ગામે રહેતા ચમન જેન્તીભાઈ ભીલ, મેહુલ અરજણભાઈ બારૈયા તથા મહુવા તાલુકાના ડોળીયા (ડુંઘેરી),ગામે રહેતા ભરત નાનભાઈ ભીલ સહિત ત્રણ ઈસમોને શંકાસ્પદ કોપરનાં કેબલનાં ટુકડાઓ તથા વાહનો સાથે પકડી પાડી, અને ત્રણેય ઈસમોની સઘન પુછપરછ કરતા રાજુલા તાલુકાનાં કડીયાળી ગામે આવેલ કંપનીમાંથી કોપરનાં કેબલની ચોરી કરેલની કબુલાત આપેલ હતી. જેથી આ ત્રણેય ઈસમોને રોકડા રૂપિયા ૨૦,૦૦૦, કોપર વાયરનાં ટુકડા ૧૫૦ કીલો જેની કિંમત રૂપિયા ૧,૫૦,૦૦૦, વાયર કાપવા માટેનું કટર મશીન, કિંમત રૂપિયા ૧,૦૦૦, એન્ડ્રોઇડ મોબાઈલ ફોન નંગ ૩ કિંમત રૂપિયા ૩૦,૦૦૦, એક મોટર સાયકલ નં. જીજે–૧૪– બીએચ–૦૧૯૬ કિંમત રૂપિયા ૫૦,૦૦૦ તથા ફોર વ્હીલ કાર નં. જીજે–૧૬–બીએન–૭૪૮૪ કિંમત રૂપિયા ૧,૫૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૪,૦૧,૦૦૦નાં મુદ્દામાલ સાથે ઝડપી લઈ પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનનો કેબલ વાયર ચોરીનો ગુનો ડીટેકટ કરવામાં એલ.સી.બી. ટીમને સફળતા મળેલ છે.

ટ્રસ્ટ, NGO, સ્કુલ, માટે ખાસ

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કુલવગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12B, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વિગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વિગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપવામાં આવશે

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ

૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી

ભરત બી. પારેખ–૯૪૨૮૩ ૪૦૯૩૪

લાઠી પોલીસ, એલસીબી, એસઓજી અને બાબરા પોલીસની સંયુકત કામગીરી

લાઠીનાં અડતાળા ગામની સીમમાંથી ગુમ થયેલી 3 વર્ષની બાળકીને લીલીયાનાં જાત્રુડા ગામની વાડીએથી હેમખેમ શોધી કાઢી

૨૫ કિલોમીટરના રૂટના સીસીટીવી ફૂટેજ તપાસ્યા : ૧૦૦થી ૧૫૦ શંકાસ્પદોની પુછપરછ બાદ આરોપી ઝડપાયો

અમરેલી, તા. ૧૪

અમરેલી જિલ્લામાં નૂતન વર્ષના પર્વે ત્રણ વર્ષની માસૂમ બાળકીના અપહરણની ગંભીર ઘટના સામે આવતાં પોલીસ તંત્ર દોડતું થયું હતું. લાઠી તાલુકાના અડતાળા ગામની સીમમાં આવેલી વાડીમાં રમતી ત્રણ વર્ષ અને બે માસની બાળકી અચાનક ગુમ થઈ જતાં પરિવારજનોમાં ચિંતાની લાગણી ફેલાઈ હતી. પરિવારે આસપાસના વિસ્તારોમાં શોધખોળ કરવા છતાં બાળકીનો પત્તો ન લાગતાં અજાણ્યા શખ્સ દ્વારા અપહરણ કરાયાની આશંકા સાથે લાઠી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવામાં આવી હતી.

ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ અમરેલી જિલ્લા પોલીસ દ્વારા લાઠી પોલીસ, જિલ્લા એલ.સી.બી., એસ.ઓ.જી. અને બાબરા પોલીસની અલગ–અલગ ટીમો બનાવી સંયુકત તપાસ હાથ ધરવામાં આવી હતી. પોલીસની સઘન તપાસ અને ટેકનિકલ સર્વેલન્સના પરિણામે ફરિયાદ નોંધાયાના ગણતરીના કલાકોમાં જ લીલીયા તાલુકાના જાત્રુડા ગામે એક વાડીમાંથી બાળકી હેમખેમ મળી આવી હતી અને આરોપીને પણ ઝડપી લેવામાં આવ્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગત તા. ૧૦ નવેમ્બરના રોજ નૂતન વર્ષના દિવસે સાંજના આશરે પાંચ વાગ્યે અડતાળા ગામની સીમમાં આવેલી વાડીમાં ત્રણ વર્ષની બાળકી રમતી હતી. આ દરમિયાન તે અચાનક ગુમ થઈ જતાં



પરિવારે શોધખોળ શરૂ કરી હતી. જોકે, બાળકીનો કોઈ પત્તો ન મળતાં અપહરણની આશંકા સાથે અજાણ્યા શખ્સ વિરૂદ્ધ લાઠી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. આ બનાવની ગંભીરતાને ધ્યાનમાં રાખીને લાઠી વિભાગના નાયબ પોલીસ અધિક્ષક વિસ્મય માનસેતાએ તાત્કાલિક અલગ–અલગ પોલીસ ટીમો બનાવી બાળકીની શોધખોળ અને આરોપીની ધરપકડ માટે માર્ગદર્શન આપ્યું હતું. લાઠી પોલીસ ઈન્સ્પેકટર એમ.એમ. ઝાલાએ તપાસની કમાન સંભાળી હતી.

લાઠી પોલીસ સ્ટેશનની ટીમ ઉપરાંત અમરેલી જિલ્લા એલ.સી.બી., એસ.ઓ.જી. અને બાબરા પોલીસની ટીમોએ પરસ્પર સંકલન સાધીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. પોલીસ દ્વારા ઈગલ આઈ પ્રોજેકટ હેઠળ લગાવવામાં આવેલા આશરે ૨૫ કિલોમીટર લાંબા રૂટના તમામ સીસીટીવી કેમેરાના ફૂટેજની ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. આ ઉપરાંત ૧૦૦થી ૧૫૦ જેટલા શંકાસ્પદ વ્યકિતઓની પૂછપરછ કરવામાં આવી હતી. ટેકનિકલ માહિતી, સીસીટીવી ફૂટેજ અને હ્યુમન સોર્સથી મળેલી બાતમીના આધારે પોલીસ તપાસ આગળ ધપાવવામાં આવી હતી.

આખરે પોલીસની સંયુકત ટીમોને સફળતા મળી હતી અને ફરિયાદ નોંધાયાના ગણતરીના કલાકોમાં જ લીલીયા તાલુકાના જાત્રુડા ગામે ભરતભાઈ ભીખાભાઈ બેલાણીની વાડીએથી આરોપીના કબજામાં રહેલી બાળકી હેમખેમ અને સહી સલામત મળી આવી હતી. પોલીસે બાળકીને સુરક્ષિત રીતે તેના માતા–પિતાને સોંપી હતી અને આરોપીને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસે આ ગુનામાં સોહન અમરૂ વસુનિયા (રહે. જાત્રુડા, તા. લીલીયા), વિરૂદ્ધ કાર્યવાહી કરી છે. આ તપાસ દરમિયાન પોકસો એકટ તેમજ ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ની અન્ય સંબંધિત કલમોનો ઉમેરો કરવામાં આવ્યો છે.

નૂતન વર્ષના પર્વે માસૂમ બાળકીના અપહરણની ઘટનાએ પંથકમાં ચકચાર જગાવી હતી, ત્યારે અમરેલી જિલ્લા પોલીસની વિવિધ ટીમોના સંકલન, સીસીટીવી સર્વેલન્સ અને ટેકનિકલ તપાસના આધારે ગણતરીના કલાકોમાં બાળકીનો હેમખેમ કબજો મેળવી આરોપીને ઝડપી પાડવામાં સફળતા મળી છે.

જલારામ જયંતી



જલારામ જયંતી
ઈશ્વરે પણ જયાં માંગવું પડે એ બાપા જલારામ છે
ઈશ્વરે પણ જયાં માંગવું પડે એ બાપા જલારામ છે
પરીક્ષા કરવામાં ભાગવું પડે એ બાપા જલારામ છે
રામ ભકત જલારામનાં નામે પણ પથરા હજુંય તરે છે
પ્રભુને ય જેનું પ્રણ રાખવું પડે એ બાપા જલારામ છે
આજીવન કર્યું છે માત્ર ભજન,બીજાને ભોજન ને સેવા
દાનને પાછું ફરવું પડે એ અયાચક બાપા જલારામ છે
દેશ, ધર્મ, નાત જાતનાં કયાં છે કોઈ લેખાં વીરપુરને ત્યાં
વિદેશીઓને ય દર્શને આવવું પડે તે બાપા જલારામ છે
એક છે માં સીતા જેની તોલે રામ ભગવાન ય ન આવે
સતી વિરબાઈમાં માં ય માનવું પડે તે બાપા જલારામ છે
પ્રભુકૃપાથી પ્રભુભકતનાં ધામ છે ગામોગામ–દેશ વિદેશ
ખીચડીમાં આંગળી ચાટવું પડે એ બાપા જલારામ છે
પરચા આજેય સતત અપરંપાર પુરે જ છે દિનદુઃખીનાં
લાકડી પાઘડીનું કાળે માનવું પડે એ બાપા જલારામ છે

– મિત્તલ ખેતાણી (રાજકોટ, મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

નાં જય જલારામ

૧૬ માં વર્ષમાં મંગલ પ્રવેશ

સિકયુરીટી કોન્ટ્રાકટ માટે મળો

(ગવર્નમેન્ટ અંપુલ્ડ)

• ઈવેન્ટ સિકયુરીટી • વેડીંગ પાર્ટી • પરમેનેન્ટ સિકયુરીટી
• સેલીબ્રીટી પ્રોટેકશન • લેડીઝ-જેન્ટસ બાઉન્સર • ફિલ્મસેટ સિકયુરીટી
• એકિઝબીશન સિકયુરીટી • ગનમેન સિકયુરીટી • ઈન્ડસ્ટ્રિયલ સિકયુરીટી
• ડિપ્લોમેટરી સિકયુરીટી • પાર્કિંગ ફોર્સ સિકયુરીટી

રઘુપિર સિકયુરીટી એજન્સી–અમરેલી

સંપર્ક : ૯૧૦૬૦ ૧૫૦૬૧/૯૪૨૬૩ ૧૩૦૪૧

હેડ ઓફિસ : બેઝમેન્ટલ ગિરનાર કોમ્પલેક્ષ, લાઈબ્રેરી રોડ, અમરેલી ૩૬૫ ૬૦૧ (ઓલ ગુજરાત પ્રોવાઈડીંગ)

આદુ-મરચાથી ભરપુર સ્પે. વાટીદાળના ખમણ

તેમજ **સ્પે. નાયલોન ખમણ** મળશે

દાનગીગેવ ખમણ હાઉસ

અમરેલીનાં જુનાને જાણીતા (સાનુભાઈ ખમણવાળા)

સ્ટેશન રોડ, લક્ષ્મીનારાયણ મંદિરની સામે, અવધ ડેરી ફાર્મની બાજુમાં, અમરેલી

મો. ૯૯૨૫૪ ૨૫૨૩૧ ■ મો. ૯૪૨૮૭ ૯૪૦૪૧

Jaydeep Rayththa
Mo. 98980 52364

PRIME PROPERTY

Sell • Purchase • Lease
Commercial • Residential • Plotting

Member of

RPCA | NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA

413, Star Plaza, Phulchhab Chowk, Rajkot
+91 98980 52364 / 93770 03636
Jaydeep Rayththa1983@Gmail.Com

શુદ્ધ, સાત્વિક, ગુજરાતી થાળી,
ઘર જેવું જમવા માટે આજે જ અમારો સંપર્ક કરો.

"મહાદેવ કેટરિંગ એન્ડ ટિફિન સર્વિસ"



બપોર નું મેનુ:- રુ. ૮૦/-
૧- શાક, ૪- ફુલકા રોટલી, દાળ-ભાત, સંભારો, પાપડ.

રાતનું મેનુ:- રુ. ૮૦/-
૧- શાક, ૨- ભાખરી, ખીચડી, રાયતાં મરચાં, ગોળ.

એકસ્ટ્રા આઈટમ:-

શાક	રોટલી	રોટલા	ભાખરી	થેપલાં	દાળ-ભાત
- ૩૦/-	- ૫/-	- ૨૫/-	- ૧૫/-	- ૧૦/-	- ૩૫/-

ટિફિન ડિલિવરી ફ્રી

મનોજ જોષી મો. ૭૯૯૦૦૫૦૮૮૦
અંજના જોષી મો. ૮૭૫૮૦૦૮૨૯૭

બેસતા વર્ષના દિવસે માટલા ઉધીયું મળશે

આપને ત્યાં આવતાં શુભપ્રસંગે ઓર્ડર પણ કરી આપીશું.

રોટલી, રોટલા, ભાખરી, થેપલાં, પણ ઓર્ડર ઉપર બનાવી આપીશું.











પૂ. જલારામ બાપાને ૨૨૭ મી જન્મજયંતી નિમિતે કોટિ-કોટિ વંદન...

ગરમા ગરમ રગાડા ભેળ ચીઝ ભેળ

ગરમા ગરમ રગાડા પુરી સ્પે.દિલ્લી ચાટ

જય જલારામ ભેળ હાઉસ

તો આવો.... કુરીથી એ જ સ્વાદની પરંપરા સાથે...

ગણેશ ડાયપોઇન્ટ, સ્ટેશન રોડ, અમરેલી

જય જલારામ કેટરર્સ

પૂ. જલારામ બાપાના ચરણોમાં કોટિ-કોટિ વંદન...

સંત શિરોમણી પૂ. જલારામ બાપાને ૨૨૭મી જન્મજયંતિ નિમિતે તેમના ચરણોમાં અમારા કોટિ કોટિ વંદન...

ધીરજલાલ ગભરૂભાઈ એન્ડ બ્રધર્સ

દુકાન નં.૨૨/૨૩, ઈન્દિરા શોપીંગ સેન્ટર, શાકમાર્કેટ પાછળ, અમરેલી

પ.પૂ. સંત શીરોમણી જલારામ બાપાની ૨૨૭ મી જન્મ જયંતિ નિમિતે તેમના ચરણોમાં કોટી કોટી વંદન..

"દેનેકો ટુકડો ભલો લેને કો હરીનામ, તાકે પદ વંદન કરૂ જય જય જલારામ"

: વંદનકર્તા :

શ્રી દ્વારકેશ ગુલા

શ્રી ઓમ્ નમો નારાયણ એસ્ટેટ સલાહકાર

શ્રી ભગવતી પાર્લર

ભગવતી ચોક, માણેકપરા-અમરેલી.

કમલેશભાઈ જે. રાજા -૯૪૨૭૪૨૬૨૭૧ | લાલભાઈ જે. રાજા - ૯૪૦૯૪૪૩૧૦૦

ગોપાલભાઈ જે. રાજા - ૯૪૨૭૯૩૪૯૯૯ | રાજા પરિવારનાં જય જલારામ...

પ.પૂ.શ્રી જલારામ બાપાની ૨૨૭ મી જન્મ જયંતિ નિમિત્તે શત્ શત્ નમન

સંત શિરોમણી પૂ.જલારામ બાપાને ૨૨૭ મી જન્મ જયંતિ નિમિતે તેમના ચરણોમાં અમારા શત્ શત્ નમન

વંદનકર્તા

ગોપાલ ફુડસ અમરેલી

મસાલા

॥ જય જલારામ ॥

"સાદગી, સેવા અને ભક્તિ ના પ્રતીક હે આપણા આરાધ્ય દેવ જલારામ બાપા..."

સંત શ્રી જલારામ બાપા ની જન્મ જયંતી ની શુભકામનાઓ...

રઘુવંશી પરિવાર તરફથી હાર્દિક શુભેચ્છાઓ...

Haresh Trading Company Amreli

District Chamber of Commerce Karykari Adhyaksh

નૂતન વર્ષાભિનંદન

આ નૂતન વર્ષ પર રોશની નો ઉત્સવ તમને અને તમારા પરિવારના જીવનને વધુ પ્રકાશિત કરે એવી હૃદયપૂર્વક શુભકામનાઓ.....

: શુભેચ્છક :

શ્રી કાંતિભાઈ રાજાભાઈ માલવી

સરપંચશ્રી : ધોકડવા ગ્રામ પંચાયત

શ્રી રણજીતભાઈ ગોહિલ

તલાટી કમ મંત્રીશ્રી : ધોકડવા ગ્રામ પંચાયત

મુ. ધોકડવા, તા. ગીરગઢડા, જી.ગીર સોમનાથ

શુભ દીપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદન

Happy Diwali FESTIVAL OF LIGHTS

આ શુભદિવાળી પર રોશનીનો ઉત્સવ તમને અને તમારા પરિવારનાં જીવનને વધુ પ્રકાશિત કરે એવી હૃદયપૂર્વક શુભકામનાઓ...

:: શુભેચ્છક::

7 STAR FAMILY SPA

Mo.8238201577

Thai & Ayurvedic Massage

Deep Tissue Therapy

Full Body Massage

Couple's Therapy

મહુવા રોડ, એસ.ટી.બસ સ્ટેશન સામે-સા.કુંડલા

મુ. સાવરકુંડલા, જી. અમરેલી

પૂ. જલારામ બાપાના ચરણોમાં કોટિ-કોટિ વંદન...

સંત શિરોમણી પૂ. જલારામ બાપાને ૨૨૭મી જન્મજયંતિ નિમિતે તેમના ચરણોમાં અમારા કોટિ કોટિ વંદન...

સ્વ.કાંતિલાલ છોટાલાલ ગણાત્રા

સ્વ. જીતેન્દ્રભાઇ મનસુખલાલ સાદરાણી

શ્રી મીતુલભાઈ કાંતિલાલ ગણાત્રા

મહામંત્રી : ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ - અમરેલી

પ્રમુખ : ચેમ્બર ઓફ કોમર્સ - વડીયા

નૂતન વર્ષાભિનંદન

Happy Diwali

આ પર્વ પર રોશનીનો ઉત્સવ તમને અને તમારા પરિવારનાં જીવનને વધુ પ્રકાશિત કરે એવી હૃદયપૂર્વક શુભકામનાઓ...

:: શુભેચ્છક::

શ્રી રમેશભાઈ બી. કામળીયા

અગ્રણીશ્રી : આહીર સમાજ

મુ.ઉના, જી. ગીરસોમનાથ

નૂતન વર્ષાભિનંદનની હાર્દિક શુભકામનાઓ..

સ્વ.મનુભાઈ એમ. ચૌહાણ

આ નૂતન વર્ષાભિનંદ પર રોશની નો ઉત્સવ તમને અને તમારા પરિવારના જીવનને વધુ પ્રકાશિત કરે એવી હૃદયપૂર્વક શુભકામનાઓ.....

: શુભેચ્છક :

શ્રી ગોપાલભાઈ એમ. ચૌહાણ

શ્રીમતિ દક્ષાબેન ગોપાલભાઈ ચૌહાણ સદસ્યાશ્રી : અમરેલી નગરપાલિકા

શ્રી ગોપાલભાઈ એમ. ચૌહાણ અને શ્રીમતિ દક્ષાબેન ગોપાલભાઈ ચૌહાણ, અમરેલી નગરપાલિકા કોંગ્રેસ પાર્ટીનાં સદસ્યાશ્રી તેમજ નગરપાલિકા વિસ્તારનાં મતદાતાઓને ચૌહાણ પરિવાર તરફથી આપ સર્વેને નૂતનવર્ષાભિનંદનની હાર્દિક શુભકામનાઓ પાઠવીએ છીએ. મુ. અમરેલી

નૂતન વર્ષાભિનંદન

આ પર્વ પર રોશની નો ઉત્સવ તમને અને તમારા પરિવારના જીવનને વધુ પ્રકાશિત કરે એવી હૃદયપૂર્વક શુભકામનાઓ.....

: શુભેચ્છક :

શ્રી કનુભાઈ પમનાણી

(પ્રમુખશ્રી)

શ્રી પ્રદિપભાઈ લાલવાણી (ઉપ પ્રમુખશ્રી) | શ્રી ગોપાલભાઈ સોલંકી (મંત્રીશ્રી)

ગીર ગઢડા સસ્તા અનાજ એસોસિએશન

મુ. ગીરગઢડા, તા. ઉના, જી. ગીર સોમનાથ

નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ

શ્રી દીપકભાઈ માલાણી પ્રમુખ | શ્રી રાજુભાઈ માલાણી મેનેજર

તથા તમામ ડિરેકટરશ્રીઓ તેમજ કર્મચારીગણ...

શ્રી સાવરકુંડલા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.

સાવરકુંડલા

નૂતન વર્ષાભિનંદન

Happy Diwali

આ પર્વ પર રોશનીનો ઉત્સવ તમને અને તમારા પરિવારનાં જીવનને વધુ પ્રકાશિત કરે એવી હૃદયપૂર્વક શુભકામનાઓ...

:: શુભેચ્છક::

શ્રી મોહનભાઈ ભીમાભાઈ વાજા

પૂર્વ સદસ્યશ્રી, તાલુકા પંચાયત ઉના.

વાંસોજ ગ્રામ પંચાયત

મુ. વાંસોજ, તા. ઉના, જી. ગીરસોમનાથ

નૂતન વર્ષાભિનંદન

આ નૂતન વર્ષાભિનંદન પર રોશની નો ઉત્સવ તમને અને તમારા પરિવારના જીવનને વધુ પ્રકાશિત કરે એવી હૃદયપૂર્વક શુભકામનાઓ.....

: શુભેચ્છક :

શ્રી નિતીનભાઈ આર. ત્રિવેદી

:: પ્રમુખશ્રી ::

તાલુકા કોંગ્રેસ સમિતિ, લીલીયા મોટા

તેમજ તાલુકા કોંગ્રેસ પરિવાર, લીલીયા મોટા

મુ. લીલીયા મોટા, જી.અમરેલી

નૂતન વર્ષાભિનંદન

Happy Diwali

આ શુભદિવાળી પર રોશનીનો ઉત્સવ તમને અને તમારા પરિવારનાં જીવનને વધુ પ્રકાશિત કરે એવી હૃદયપૂર્વક શુભકામનાઓ...

:: શુભેચ્છક::

શ્રી જીતુબેન ભીમાભાઈ સોલંકી

સદસ્યાશ્રી : તાલુકા પંચાયત - ઉના

શ્રી ભીમાભાઈ ભીખાભાઈ સોલંકી

સરપંચશ્રી : સિલોજ ગ્રામ પંચાયત

મુ. સિલોજ, તા. ઉના, જી. ગીર સોમનાથ

નૂતન વર્ષાભિનંદન

Happy Diwali FESTIVAL OF LIGHTS

આ શુભદિવાળી પર રોશનીનો ઉત્સવ તમને અને તમારા પરિવારનાં જીવનને વધુ પ્રકાશિત કરે એવી હૃદયપૂર્વક શુભકામનાઓ...

:: શુભેચ્છક::

શ્રી ગંગાબેન મોહનભાઈ વાજા-સરપંચશ્રી

શ્રી મોહનભાઈ ભીમાભાઈ વાજા

પૂર્વ સદસ્યશ્રી, તાલુકા પંચાયત ઉના.

વાંસોજ ગ્રામ પંચાયત

મુ. વાંસોજ, તા. ઉના, જી. ગીરસોમનાથ

નૂતન વર્ષાભિનંદન

Happy Diwali

આ પર્વ પર રોશનીનો ઉત્સવ તમને અને તમારા પરિવારનાં જીવનને વધુ પ્રકાશિત કરે એવી હૃદયપૂર્વક શુભકામનાઓ...

:: શુભેચ્છક::

શ્રી જમનાબેન જોરૂભાઈ મકવાણા

સરપંચશ્રી : દ્રોણ ગ્રામ પંચાયત

મુ.દ્રોણ, તા.ગીરગઢડા, જી. ગીરસોમનાથ

નૂતન વર્ષાભિનંદન

આ પર્વ પર રોશનીનો ઉત્સવ તમને અને તમારા પરિવારનાં જીવનને વધુ પ્રકાશિત કરે એવી હૃદયપૂર્વક શુભકામનાઓ...

:: શુભેચ્છક::

શ્રી ધિરૂભાઈ મેશુરભાઈ સોલંકી

પ્રમુખશ્રી :: તાલુકા કોંગ્રેસ સમિતિ-ઉના

શ્રીમતિ મોતીબેન ધિરૂભાઈ સોલંકી

સદસ્યાશ્રી :: જીલ્લા પંચાયત,ઉના

ઈજાગ્રસ્તોને રાજુલા રેફરલ હોસ્પિટલ ખસેડાયા

અમરેલીના રાજુલા હાઈવે પર ST બસ અને રિક્ષા વચ્ચે ભયાનક ટક્કર

હિંડોરણા બ્રિજ પાસે અકસ્માતમાં રિક્ષામાં સવાર ૪ મુસાફરો ઈજાગ્રસ્ત

અમરેલી,તા.૧૪

મહુવા ડેપોની મહુવા-ઉના રૂટની એક્સ્ટ્રા ST બસ અને પેસેન્જર રિક્ષા વચ્ચે અકસ્માત, ૧૧૨ અને પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી આવી; ઈજાગ્રસ્તોને ૧૦૮ મારફતે રાજુલા રેફરલ હોસ્પિટલ ખસેડાયા

અમરેલી જિલ્લાના રાજુલા પંથકમાં ભાવનગર-સોમનાથ હાઈવે પર ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે. રાજુલાના હિંડોરણા નાના બ્રિજ પાસે મહુવા ડેપોની મહુવા-ઉના રૂટની એક્સ્ટ્રા ST બસ અને પેસેન્જર રિક્ષા વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. આ અકસ્માતને પગલે હાઈવે પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. મળતી માહિતી મુજબ, બસ અને રિક્ષા વચ્ચે થયેલી ટક્કર એટલી જોરદાર હતી કે રિક્ષામાં સવાર ચાર મુસાફરોને ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ આસપાસના લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા અને ઘટનાસ્થળે લોકોનાં ટોળાં એકત્રિત થઈ ગયાં હતાં. અકસ્માતની જાણ થતાં જ ઈમરજન્સી સેવા ૧૧૨ અને સ્થાનિક પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે તાત્કાલિક સ્થિતિ સંભાળી ટ્રાફિક વ્યવસ્થા પૂર્વવત્ કરાવવાની કામગીરી હાથ ધરી હતી. અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલા ચારેય મુસાફરોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક સારવાર માટે રાજુલા રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

હાલ પોલીસે અકસ્માત અંગે ગુનો નોંધી સમગ્ર ઘટનાની વધુ તપાસ હાથ ધરી છે.

ફાઇનલમાં છેલ્લા બોલે પાકિસ્તાનને હરાવ્યું

અંડર-૧૯ એશિયા કપમાં ભારત બન્યું ચેમ્પિયન

છેલ્લી વિકેટે પલટાવી બાજી, મનલ ચૌહાણ અને મોહિત ઉલ્વાની નિર્ણાયક ભાગીદારીથી ભારતનો રોમાંચક વિજય

ઓમાન, તા.૧૪

અંડર-૧૯ એશિયા કપ ૨૦૨૬ની ફાઇનલમાં ભારતે પરંપરાગત હરીફ પાકિસ્તાનને એક વિકેટથી હરાવી નવમી વખત ખિતાબ પોતાના નામે કર્યો છે. શનિવારે રમાયેલી આ રોમાંચક ફાઇનલમાં ભારતીય ટીમે છેલ્લી વિકેટે લક્ષ્ય હાંસલ કરીને યાદગાર વિજય નોંધાવ્યો હતો.

પ્રથમ બેટિંગ કરતાં પાકિસ્તાને નિર્ધારિત ૫૦ ઓવરમાં નવ વિકેટના ભોગે ૩૩૭ રનનો વિશાળ સ્કોર ખડક્યો હતો. જેના જવાબમાં ભારતીય ટીમે ઉતાર-ચઢાવભરી ઈનિંગ્સ બાદ જીત મેળવી હતી. લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમને કેપ્ટન લક્ષ્ય રાયચંદાની અને આર્યવીર સેહવાગે શાનદાર શરૂઆત અપાવી હતી. બંનેએ પ્રથમ વિકેટ માટે ૯૫ રનની ભાગીદારી નોંધાવી હતી. જોકે, ત્યારબાદ ભારતીય બેટિંગમાં વિકેટો પડવાનો સિલસિલો શરૂ થયો હતો.

કેપ્ટન લક્ષ્ય રાયચંદાનીએ ૧૦૧ બોલમાં ૮૦ રનની મહત્વપૂર્ણ ઈનિંગ્સ રમી હતી. તેમની વિકેટ પડ્યા બાદ ભારત પર દબાણ વધ્યું હતું. અન્વય દ્રવિડ સહિતના બેટ્સમેનો પેવેલિયન પરત ફરતાં ભારતીય ટીમ મુશ્કેલીમાં મુકાઈ હતી.

એક સમયે ભારતે આઠ વિકેટ ગુમાવી દીધી હતી અને જીત મુશ્કેલ જણાતી હતી. જોકે, મનલ ચૌહાણ અને મોહિત ઉલ્વાએ નવમી વિકેટ માટે માત્ર ૩૫ બોલમાં ૫૭ રનની મહત્વપૂર્ણ ભાગીદારી નોંધાવી મેચનું પાસું પલટી નાખ્યું હતું. મનલ ચૌહાણે ૪૭ રનની ઉપયોગી ઈનિંગ્સ રમી હતી. મનલની વિકેટ પડ્યા બાદ ચિગુરુપતિ વેંકટાએ મોહિત ઉલ્વાને સાથ આપ્યો હતો. બંનેએ સંયમ જાળવીને ભારતને વિજય સુધી પહોંચાડ્યું હતું. આ સાથે જ ભારતીય યુવા ટીમે પાકિસ્તાનને હરાવી નવમી વખત અંડર-૧૯ એશિયા કપનો ખિતાબ જીતવાની સિદ્ધિ મેળવી હતી. આ વિજય સાથે ભારતીય યુવા ક્રિકેટરોએ ફરી એકવાર એશિયન ક્રિકેટમાં ભારતની મજબૂત હાજરીનો પરિચય કરાવ્યો હતો.

વોટર આઈડી, ડ્રાઈવિંગ લાઇસન્સથી પણ મળશે લાભ

સરકારી યોજનાઓનો લાભ લેવા હવે આધાર કાર્ડ ફરજિયાત નહીં

દિલ્હીની ભાજપ સરકારે લીધો મોટો નિર્ણય, આધાર વેરિફિકેશન ન થાય તો પણ નાગરિકોને સરકારી સેવાઓથી વંચિત નહીં રખાય

નવી દિલ્હી, તા.૧૪

સરકારી યોજનાઓનો લાભ મેળવવા માટે આધાર કાર્ડને સૌથી મહત્ત્વના દસ્તાવેજ તરીકે જોવામાં આવે છે. જોકે, હવે દિલ્હીની ભાજપ સરકારે નાગરિકોને મોટી રાહત આપતો નિર્ણય લીધો છે. નવા નિયમ મુજબ, સરકારી યોજનાઓ અને સેવાઓનો લાભ મેળવવા માટે માત્ર આધાર કાર્ડ પર નિર્ભર રહેવું પડશે નહીં. આધાર કાર્ડ ન હોય અથવા ટેક્નિકલ કારણોસર તેનું ઓનલાઈન વેરિફિકેશન ન થઈ શકે તો અન્ય માન્ય ઓળખપત્રો રજૂ કરીને પણ સરકારી સેવાઓનો લાભ મેળવી શકાશે.

દિલ્હી સરકારના નવા નોટિફિકેશન અનુસાર, આધાર કાર્ડના વિકલ્પ તરીકે નીચેના દસ્તાવેજો માન્ય રહેશે:

- મતદાર ઓળખપત્ર (વોટર આઈડી)
- ડ્રાઈવિંગ લાઇસન્સ
- પાસપોર્ટ
- કેન્દ્ર અથવા રાજ્ય સરકાર દ્વારા જારી કરાયેલ અન્ય માન્ય ફોટો ઓળખપત્ર

આ દસ્તાવેજોના આધારે નાગરિકો પોતાની ઓળખ સાબિત કરી શકશે અને સરકારી સેવાઓ મેળવવા માટે અરજી કરી શકશે.

સરકારે સ્પષ્ટતા કરી છે કે ડિજિટલ સિસ્ટમમાં આધાર ઓથેન્ટિકેશન સંપૂર્ણપણે સ્વૈચ્છિક રહેશે. નાગરિકની પૂર્વ સંમતિ વિના આધાર વેરિફિકેશન કરવામાં આવશે નહીં. જો કોઈ વ્યક્તિ આધાર દ્વારા ઓળખની પુષ્ટિ કરાવવા માંગતી ન હોય, તો તે અન્ય માન્ય ઓળખપત્રોનો ઉપયોગ કરી શકશે.

દિલ્હી સરકારના IT વિભાગ દ્વારા આ વ્યવસ્થા યુનિફાઈડ સિટિઝન ડેટા પ્લેટફોર્મ (UCDP) અંતર્ગત લાગુ કરવામાં આવી છે. તેનો મુખ્ય હેતુ સરકારી સેવાઓને વધુ સરળ અને સુલભ બનાવવાનો છે. આ ઉપરાંત, સરકારી યોજનાઓમાં થતી ગેરરીતિઓ અને ભ્રષ્ટાચાર અટકાવવા માટે પણ ડિજિટલ વ્યવસ્થાને મજબૂત બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

અત્યાર સુધી અનેક નાગરિકોને આધાર વેરિફિકેશનમાં ટેક્નિકલ મુશ્કેલીઓના કારણે સરકારી સેવાઓ મેળવવામાં તકલીફ પડતી હતી. નવા નિર્ણયથી આવા લોકોને રાહત મળી શકે છે. ખાસ કરીને જેમની પાસે આધાર કાર્ડ નથી અથવા ઓનલાઈન વેરિફિકેશનમાં સમસ્યા આવે છે, તેઓ અન્ય માન્ય ઓળખપત્રો દ્વારા પોતાની ઓળખ સાબિત કરી શકશે. આ નિર્ણયનો મુખ્ય સંદેશ એ છે કે આધાર વેરિફિકેશનમાં ટેક્નિકલ સમસ્યા કે આધાર કાર્ડની ગેરહાજરીના કારણે કોઈ પાત્ર નાગરિક સરકારી યોજનાના લાભથી વંચિત ન રહેવો જોઈએ.

વિસાવદરના ખંભાળિયા નજીક બની દુર્ઘટના

જૂનાગઢ-ચલાલા રૂટ પર મીટર ગેજ ટ્રેનની અડફેટે આવી યુવાન સિંહણનું મોત

વિસાવદર તાલુકામાં બનેલી આ ઘટનાને પગલે વન્યજીવ પ્રેમીઓમાં શોકની લાગણી ફેલાઈ છે

જૂનાગઢ,તા.૧૪

જૂનાગઢ જિલ્લામાંથી વન્યજીવ પ્રેમીઓ માટે દુ:ખદ સમાચાર સામે આવ્યા છે. જૂનાગઢથી ચલાલા રૂટ પર દોડતી મીટર ગેજ લોકલ ટ્રેનની અડફેટે આવી જતાં એક યુવાન સિંહણનું મોત નીપજ્યું છે. વિસાવદર તાલુકામાં બનેલી આ ઘટનાને પગલે વન્યજીવ પ્રેમીઓમાં શોકની લાગણી ફેલાઈ છે.

મળતી માહિતી મુજબ, આ દુર્ઘટના બપોરે આશરે ૧૨:૩૦ વાગ્યાના સમયે વિસાવદર તાલુકાના ખંભાળિયા ગામ નજીક બની હતી. ૪૪ ૨૯/૬ નંબરના રેલવે પોલ પાસે ઓજત નદી અને જૂની ચાવંડ વિસ્તારની વચ્ચે સિંહણ અચાનક રેલવે ટ્રેક પર આવી ગઈ હતી.

દરમિયાન જૂનાગઢથી ચલાલા તરફ જતી મીટર ગેજ લોકલ ટ્રેનની અડફેટે સિંહણ આવી ગઈ હતી. ટ્રેનની ટક્કરથી ગંભીર ઈજાઓ થતાં સિંહણનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

ઘટનાની જાણ થતાં જ વન વિભાગનો સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યો હતો. અધિકારીઓ દ્વારા ઘટનાનું પંચનામું કરવામાં આવ્યું હતું અને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

ગીર અને આસપાસના જંગલ વિસ્તારમાંથી પસાર થતા રેલવે રૂટ પર અગાઉ પણ વન્યજીવો ટ્રેનની અડફેટે આવી ચૂક્યા છે. આવી ઘટનાઓને કારણે સિંહો સહિતના વન્યજીવોની સુરક્ષા સામે ફરી ચિંતા વ્યક્ત થઈ રહી છે.

વન્યજીવોની અવરજવર ધરાવતા રેલવે ટ્રેક પર વધુ તકેદારી રાખવામાં આવે અને અકસ્માતો અટકાવવા અસરકારક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવે તેવી વન્યજીવ પ્રેમીઓ દ્વારા માંગ કરવામાં આવી રહી છે.

હાઈકોર્ટના નામે બનાવ્યા નકલી જામીન ઓર્ડર

પિતાને જેલથી બચાવવા IT એક્સપર્ટ દીકરાએ AIનો લીધો સહારો

કેનેડામાં IT કંપનીમાં કામ કરતા પુત્રએ બનાવ્યા કોર્ટના બનાવટી દસ્તાવેજો : લુધિયાણાથી બંને આરોપી ઝડપાયા

જોધપુર, તા.૧૪

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)નો ઉપયોગ હવે અનેક ક્ષેત્રોમાં થઈ રહ્યો છે, પરંતુ તેનો દુરુપયોગ કરીને છેતરપિંડી કરવાના કિસ્સાઓ પણ સામે આવી રહ્યા છે. રાજસ્થાનના જોધપુરમાં આવો જ એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. NDPS કેસમાં વોન્ટેડ પિતાને ફરી જેલમાં જતાં બચાવવા માટે કેનેડામાં IT કંપનીમાં કામ કરતા પુત્રએ AIની મદદથી રાજસ્થાન હાઈકોર્ટના નકલી જામીન આદેશ તૈયાર કર્યા હતા. એટલું જ નહીં, આ બનાવટી દસ્તાવેજો હાઈકોર્ટની વેબસાઈટ પર અપલોડ કરીને નીચલી કોર્ટમાં પણ રજૂ કર્યા હતા. જોકે, તપાસ દરમિયાન સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો હતો.

મળતી માહિતી મુજબ, આરોપી પિતા કુલવિંદર સિંહ શ્રીગંગાનગરના NDPS કેસમાં વોન્ટેડ હતો. તે ૩૦ દિવસના પેરોલ પર જેલમાંથી બહાર આવ્યા બાદ પરત ફર્યો નહોતો અને ફરાર થઈ ગયો હતો. પિતાની ફરી ધરપકડ ન થાય તે માટે કેનેડામાં IT કંપનીમાં કામ કરતા તેના પુત્ર મનપ્રીત સિંહે નકલી જામીન આદેશ તૈયાર કરવાનું કાવતરું ઘડ્યું હતું. આ માટે તેણે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કર્યો હતો અને રાજસ્થાન હાઈકોર્ટના નામે બનાવટી દસ્તાવેજો તૈયાર કર્યા હતા.

આરોપી મનપ્રીત સિંહે ૧૨, ૧૫ અને ૨૬ ઓક્ટોબરના રોજ ત્રણ બનાવટી જામીન આદેશ હાઈકોર્ટની સત્તાવાર વેબસાઈટ પર અપલોડ કર્યા હોવાનો આરોપ છે. ત્યારબાદ આ જ દસ્તાવેજો સુરતગઢની અધિક જિલ્લા અને સેશન્સ જજની કોર્ટમાં પણ રજૂ કરવામાં આવ્યા હતા.

જોકે, કોર્ટના ન્યાયિક રેકોર્ડની ચકાસણી દરમિયાન આદેશોમાં ગેરરીતિ સામે આવી હતી.

સમગ્ર મામલો ગંભીર જણાતાં રાજસ્થાન હાઈકોર્ટના રજિસ્ટ્રાર (ન્યાયિક) દ્વારા કુડી ભગતાસની પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આ કેસની તપાસ માટે વિશેષ તપાસ ટીમ (SIT)ની રચના કરવામાં આવી હતી.

SIT અને પોલીસ દ્વારા ટેકનિકલ તપાસ તથા બાતમીના આધારે કાર્યવાહી કરવામાં આવી હતી. આખરે પંજાબના લુધિયાણામાંથી મનપ્રીત સિંહ અને તેના પિતા કુલવિંદર સિંહને ઝડપી લેવામાં આવ્યા હતા. ધરપકડ બાદ બંને આરોપીઓને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટે વધુ તપાસ માટે બંનેને ૧૯ નવેમ્બર સુધીના પોલીસ રિમાન્ડ પર મોકલી આપ્યા છે. હાલ પોલીસ આ સમગ્ર મામલામાં અન્ય કોઈ વ્યક્તિની સંડોવણી છે કે કેમ તેની તપાસ કરી રહી છે. હાઈકોર્ટની વેબસાઈટ પર બનાવટી દસ્તાવેજો કેવી રીતે અપલોડ કરવામાં આવ્યા અને આ કથિત સાયબર છેતરપિંડીમાં અન્ય કોઈની મદદ લેવામાં આવી હતી કે કેમ તે પણ તપાસનો વિષય છે. આ ઘટનાએ ફરી એકવાર સાબિત કર્યું છે કે AI જેવી આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કાયદેસર હેતુઓ માટે થવો જરૂરી છે. ટેક્નોલોજીનો દુરુપયોગ કરીને ન્યાયિક પ્રક્રિયાને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ ગંભીર કાનૂની પરિણામો લાવી શકે છે.

ભારત-અમેરિકા ટ્રેડ ડીલ ટૂંક સમયમાં ફાઇનલ થવાના સંકેત

નવી દિલ્હી, તા.૧૪

ભારત અને અમેરિકા વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલી મહત્વપૂર્ણ ટ્રેડ ડીલને લઈને હવે સકારાત્મક સંકેતો મળી રહ્યા છે. વિદેશ મંત્રી એસ. જયશંકરે સંકેત આપ્યો છે કે બંને દેશો વચ્ચેનો વેપાર કરાર ટૂંક સમયમાં અંતિમ સ્વરૂપ લઈ શકે છે. તેમના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીની વાટાઘાટોમાં મોટાભાગના મુદ્દાઓ ઉકેલાઈ ગયા છે અને હવે ગણતરીના કેટલાક મુદ્દાઓ પર જ નિર્ણય લેવાનો બાકી છે. ખાસ વાત એ છે કે બાકી રહેલા મુદ્દાઓમાં અમેરિકાની તરફથી વધુ ફેરફારો અને સ્પષ્ટતાની જરૂરિયાત હોવાનું તેમણે જણાવ્યું છે.

હિન્દુસ્તાન ટાઈમ્સ લીડરશિપ સમિટ ૨૦૨૬માં બોલતાં જયશંકરે જણાવ્યું હતું કે ભારત અને અમેરિકા વચ્ચેની વાટાઘાટો અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. બંને દેશોનો ઉદ્દેશ એવો વેપાર કરાર કરવાનો છે, જે બંને પક્ષો માટે ફાયદાકારક અને સંતુલિત હોય. તેમણે કહ્યું કે આ મુદ્દે વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલ સાથે સતત ચર્ચા અને સંકલન કરવામાં આવી રહ્યું છે. મોટાભાગના મુદ્દાઓ પર સહમતી સધાઈ ગઈ છે અને હવે માત્ર થોડા મુદ્દાઓ જ બાકી રહ્યા છે. આથી ટૂંક સમયમાં કરાર પૂર્ણ થવાની આશા છે.

જયશંકરે વધુમાં જણાવ્યું હતું કે બાકી રહેલા કેટલાક મુદ્દાઓમાં ભારત કરતાં અમેરિકાના પક્ષે વધુ ફેરફારો કરવાની જરૂરિયાત છે. વાટાઘાટો દરમિયાન બંને દેશો પોતાના હિતો અને પ્રાથમિકતાઓને ધ્યાનમાં રાખીને નિર્ણય લઈ રહ્યા છે. ભારત એવી ટ્રેડ ડીલ ઇચ્છે છે, જે બંને દેશો માટે સમાન રીતે લાભદાયી રહે અને ભારતીય વેપાર તથા ઉદ્યોગોને પણ યોગ્ય તક પૂરી પાડે.

તેમણે એમ પણ જણાવ્યું કે જ્યારે કોઈ મોટો કરાર અંતિમ તબક્કામાં પહોંચે છે ત્યારે લોકોમાં તેને લઈને ઉત્સુકતા અને ઉતાવળ વધી જાય છે. જોકે, વાટાઘાટો કરી રહેલા અધિકારીઓ પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી બાકી રહેલા મુદ્દાઓ અંગે જાહેરમાં વિગતો આપવાનું ટાળે છે. ટ્રેડ ડીલ ઉપરાંત જયશંકરે વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિ અંગે પણ પોતાના વિચારો રજૂ કર્યા હતા. તેમણે મધ્યપૂર્વ અને યુક્રેનમાં ચાલી રહેલા સંઘર્ષો તેમજ આફ્રિકાના કેટલાક વિસ્તારોમાં પ્રવર્તતી કટોકટીનો ઉલ્લેખ કર્યો હતો. તેમના જણાવ્યા અનુસાર, વિશ્વની રાજકીય અને આર્થિક વ્યવસ્થામાં મોટા ફેરફારો થઈ રહ્યા છે અને નવી વૈશ્વિક શક્તિઓ ઉભરી રહી છે. અમેરિકા અને ચીન વચ્ચેની સ્પર્ધા વૈશ્વિક તણાવનું એક મહત્ત્વનું કારણ છે, પરંતુ વૈશ્વિક અસ્થિરતા પાછળ તે એકમાત્ર કારણ નથી. આવી બદલાતી પરિસ્થિતિમાં મજબૂત અને સ્થિર નેતૃત્વની જરૂરિયાત હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. જયશંકરના નિવેદનથી ભારત-અમેરિકા વેપાર કરાર અંગે આશા વધી છે. જોકે, બંને દેશો વચ્ચેના બાકી મુદ્દાઓનો ઉકેલ આવ્યા બાદ જ કરારને સત્તાવાર રીતે અંતિમ સ્વરૂપ આપવામાં આવશે. હજુ સુધી કરારની ચોક્કસ તારીખ જાહેર કરવામાં આવી નથી. તેથી હવે બંને દેશોની વાટાઘાટો ક્યારે પૂર્ણ થાય છે અને વેપાર કરાર અંગે સત્તાવાર જાહેરાત ક્યારે થાય છે તેના પર વેપાર જગતની નજર છે.

મહિલાને મોઢાના ભાગે ઈજા

રાજકોટમાં TRB જવાનોની દાદાગીરીનો આક્ષેપ લાગ્યો

આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં શહેરમાં ચર્ચા અને વિવાદ શરૂ થયો છે

રાજકોટ,તા.૧૪

રાજકોટ શહેરમાં ટ્રાફિક નિયમન માટે તૈનાત TRB જવાનો ફરી વિવાદમાં આવ્યા છે. શહેરના શિવ હોટલ નજીક સીટ બેલ્ટના મુદ્દે એક મહિલા અને TRB જવાનો વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ ઝપાઝપી થઈ હોવાનો આક્ષેપ સામે આવ્યો છે.

આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં શહેરમાં ચર્ચા અને વિવાદ શરૂ થયો છે.

મળતી માહિતી મુજબ, શિવ હોટલ નજીક વાહન ચેકિંગ દરમિયાન સીટ બેલ્ટ નહીં પહેરવા અથવા અન્ય કોઈ બાબતને લઈને મહિલા અને TRB જવાનો વચ્ચે બોલાચાલી થઈ હતી. શરૂઆતમાં સામાન્ય લાગતી આ તકરારે થોડા જ સમયમાં ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું.આક્ષેપ મુજબ, TRB જવાનો દ્વારા મહિલા સાથે ધક્કામુક્કી અને ઝપાઝપી કરવામાં આવી હતી. આ દરમિયાન મહિલાના મોઢાના ભાગે ઈજા પહોંચી હોવાનું પણ સામે આવ્યું છે.

જાહેર રસ્તા પર બનેલી આ ઘટનાને પગલે આસપાસના લોકો એકત્રિત થઈ ગયા હતા. પરિસ્થિતિ તંગ બનતાં પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને મામલો થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો.

સોશિયલ મીડિયામાં વીડિયો વાયરલ થયા બાદ TRB જવાનોના વર્તન સામે સ્થાનિક નાગરિકોમાં નારાજગી જોવા મળી રહી છે. ટ્રાફિક નિયમોનું પાલન કરાવવાની જવાબદારી સંભાળતા કર્મચારીઓ દ્વારા નાગરિકો સાથે કથિત રીતે ઝપાઝપી કરવામાં આવી હોવાના આક્ષેપને પગલે જવાબદારી નક્કી કરવાની માંગ ઊઠી છે.

સ્થાનિક નાગરિકોએ સમગ્ર ઘટનાની નિષ્પક્ષ તપાસ કરવાની માંગ કરી છે. આસપાસના CCTV ફૂટેજ તપાસવામાં આવે અને જો TRB જવાનો દોષિત જણાય તો તેમની સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી છે.

વિદ્યાસહાયક ભરતીમાં ઉમેદવારો માટે

નિમણૂક પહેલાં અનામત ઉમેદવારોના જાતિ પ્રમાણપત્રોની થશે ખરાઈ

SC, ST અને SEBC ઉમેદવારોએ અસલ દસ્તાવેજો સાથે નિર્ધારિત તારીખે કચેરીએ હાજર રહેવું પડશે

અમદાવાદ, તા.૧૪

ગાંધીનગર સ્થિત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ અને પ્રાથમિક શિક્ષણ નિયામકની સૂચના અનુસાર, સમગ્ર ગુજરાત રાજ્યમાં ધોરણ-1થી 5ની વિદ્યાસહાયક ભરતી પ્રક્રિયા અંતર્ગત હવે પ્રમાણપત્રની ખરાઈની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. રાજ્યના તમામ જિલ્લાઓમાં વર્ષ 2026ની ભરતી પ્રક્રિયા હેઠળ પસંદગી પામેલા અનામત વર્ગના ઉમેદવારો માટે નિમણૂક પત્ર આપતા પહેલા જાતિ પ્રમાણપત્રની ચકાસણી કરવાનું અનિવાર્ય બનાવવામાં આવ્યું છે.રાજ્ય સરકારના વિવિધ વર્ગોમાં નિમણૂક પાત્ર ઉમેદવારોના પ્રમાણપત્રો સંબંધિત વિશેષ સમિતિ મારફત ખરાઈ કરાવવાના નિયમો છે. આ જ નિયમોને આધિન રહીને રાજ્યના વાવ-થરાદ, કચ્છ, ભાવનગર સહિત તમામ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિઓ દ્વારા SC, ST અને SEBC/OBC વર્ગના પસંદગી પામેલા ઉમેદવારોને પોતાના જાતિ પ્રમાણપત્રની ખરાઈ સમયસર કરાવી લેવા માટે સત્તાવાર પરિપત્રો જારી કરવામાં આવ્યા છે. સંબંધિત જિલ્લા કચેરીઓ દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ, ઉમેદવારોએ નિર્ધારિત તારીખ અને સમયે પોતાના અસલ દસ્તાવેજો, જરૂરી આધાર-પુરાવા અને ચેકલિસ્ટ સાથે સંબંધિત વિભાગીય કચેરી ખાતે ઉપસ્થિત રહેવાનું રહેશે. રાજ્યના કચ્છ જિલ્લામાં SC અને SEBC ઉમેદવારો માટે 15, 16 અને 17 નવેમ્બરે ચકાસણી હાથ ધરાશે. જ્યારે, ભાવનગર અને વાવ-થરાદ જિલ્લાઓમાં પણ 17 નવેમ્બરે નિર્ધારિત સ્થળોએ ચકાસણી પ્રક્રિયા પૂર્ણ કરવા સૂચના અપાઈ છે. રાજ્યના અન્ય જિલ્લા દ્વારા પોત પોતાની રીતે ચકાસણી કાર્યક્રમોનું આયોજન કરી ઉમેદવારોને હાજર રહેવા માટે સૂચના આપી છે. બોર્ડ અને શિક્ષણ વિભાગના જણાવ્યા અનુસાર, જાતિ પ્રમાણપત્ર માન્ય ઠર્યા બાદ જ ઉમેદવારોને કાયદેસરના નિમણૂક હુકમ આપવામાં આવશે. આ પ્રક્રિયાથી ભરતીમાં પારદર્શિતા જળવાઈ રહેશે અને પાત્રતા ધરાવતા સાચા ઉમેદવારોને જ તેનો લાભ મળશે. તમામ સંબંધિત ઉમેદવારોને સમયસર પોતાના દસ્તાવેજોની ખરાઈ કરાવી લેવા ખાસ તાકીદ કરાઈ છે.

વિશ્વ ડાયાબિટીસ દિવસ નિમિત્તે નિષ્ણાતોનો જનજાગૃતિ સંદેશ

ભારતમાં આશરે ૮.૮૯ કરોડ લોકો ડાયાબિટીસથી પ્રભાવિત

સમયસર નિદાન અને નિયમિત સારવાર અત્યંત જરૂરી

સાવરકુંડલા, તા. ૧૪

આ નિમિત્તે સાવરકુંડલાના શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરના મેડિકલ સુપરિન્ટેન્ડન્ટ ડો. પ્રકાશભાઈ કટારીયાએ ડાયાબિટીસ અંગે જનજાગૃતિનો સંદેશ આપતાં જણાવ્યું હતું કે, આજના સમયમાં ડાયાબિટીસ એક ગંભીર વૈશ્વિક આરોગ્ય સમસ્યા બની રહી છે. ખાસ કરીને ભારતમાં આ રોગનું પ્રમાણ ચિંતાજનક છે.



કઠોળ, ફળો અને રેસાયુક્ત અનાજનો સમાવેશ કરવો.

ઈન્ટરનેશનલ ડાયાબિટીસ ફેડરેશન (IDF) દ્વારા પ્રકાશિત ડાયાબિટીસ એટલસ–૨૦૨૫ મુજબ, વર્ષ ૨૦૨૪ના અંદાજ પ્રમાણે ભારતમાં ૨૦થી ૭૯ વર્ષની વયજૂથના આશરે ૮.૮૯ કરોડ લોકો ડાયાબિટીસથી પીડિત છે. વધુ ચિંતાજનક બાબત એ છે કે ડાયાબિટીસ ધરાવતા આશરે ૪૩ ટકા લોકોને પોતાને આ રોગ હોવાની જાણ પણ નથી. આ આંકડા નિયમિત આરોગ્ય તપાસણી અને સમયસર નિદાનની આવશ્યકતા સ્પષ્ટ કરે છે.

ડા. કટારીયાએ વધુમાં જણાવ્યું હતું કે, ડાયાબિટીસના નિયંત્રણ અને ટાઈપ–૨ ડાયાબિટીસના જોખમને ઘટાડવા માટે જીવનશૈલી અને આહારનું વિશેષ મહત્વ છે. આ માટે નીચેની બાબતોનું પાલન કરવું જરૂરી છે.

– દૈનિક આહારમાં લીલા શાકભાજી, કઠોળ, ફળો અને રેસાયુક્ત અનાજનો સમાવેશ કરવો.

– મીઠાં પીણાં, વધુ પડતી ખાંડ તથા બિનઆરોગ્યપ્રદ ચરબીવાળા ખોરાકનું સેવન મર્યાદિત રાખવું.

– શરીરના વજનને નિયંત્રણમાં રાખવું.

– અઠવાડિયામાં ઓછામાં ઓછી ૧૫૦ મિનિટ મધ્યમ ગતિની શારીરિક પ્રવૃત્તિ કરવી.

– યોગ, ધ્યાન અને અન્ય પ્રવૃત્તિઓ દ્વારા માનસિક તણાવ ઘટાડવો.

– પૂરતી ઊંઘ લેવી અને નિયમિત આરોગ્યતપાસ કરાવવી.

આવી સ્વસ્થ આદતો અપનાવવાથી ટાઈપ–૨ ડાયાબિટીસ થવાનું જોખમ ઘટાડી શકાય છે અથવા રોગની શરૂઆતને વિલંબિત કરી શકાય છે. ડાયાબિટીસ ધરાવતા દર્દીઓ માટે નિયમિત સારવાર અત્યંત આવશ્યક છે. તબીબી સલાહ મુજબ દવાઓ અથવા ઈન્સ્યુલિન સમયસર લેવું જોઈએ. પોતાની રીતે દવા બંધ કરવી કે તેના ડોઝમાં ફેરફાર કરવો જોખમી બની શકે છે.

સાથે જ નિયમિત બ્લડ સુગર અને HbA1ની તપાસ કરાવવી, આંખોની તપાસ, કિડનીની કામગીરી તથા પગની તપાસ કરાવવી પણ એટલી જ જરૂરી છે. ડાયાબિટીસને લાંબા સમય સુધી અનિયંત્રિત રાખવાથી હૃદય, કિડની, આંખો અને ચેતાતંત્રને ગંભીર નુકસાન થઈ શકે છે.

ડાયાબિટીસ માત્ર દર્દીનો નહીં, પરંતુ સમગ્ર પરિવારની સમજણ અને સહયોગ માગતો રોગ છે. પરિવારજનોએ દર્દીને યોગ્ય આહાર, નિયમિત દવા, કસરત અને સમયસર તપાસ માટે પ્રોત્સાહિત કરવા જોઈએ. અંતમાં ડો. પ્રકાશભાઈ કટારીયાએ જનતાને અપીલ કરતાં જણાવ્યું હતું કે, ડાયાબિટીસથી ગભરાવાની જરૂર નથી, પરંતુ તેને અવગણવાની પણ ભૂલ ન કરવી જોઈએ. સમયસર નિદાન, નિયમિત સારવાર અને સ્વસ્થ જીવનશૈલી દ્વારા ડાયાબિટીસને અસરકારક રીતે નિયંત્રિત કરી શકાય છે. ચાલો, વિશ્વ ડાયાબિટીસ દિવસ નિમિત્તે આપણે સૌ સ્વસ્થ જીવનશૈલી અપનાવવાનો અને ડાયાબિટીસમુક્ત સમાજના નિર્માણમાં સહભાગી બનવાનો સંકલ્પ કરીએ.

મેરૂભાઈ વંશના મકાનમાં દરોડો

જામનગરના હરિપર મેવાસામાં નકલી દૂધ બનાવતી ડેરી ઝડપાઈ

SOGના દરોડામાં ૪૮૬ લીટર શંકાસ્પદ દૂધ સહિત ૭૫ કિલો વનસ્પતિ ઘી અને ૪૪ કિલો પાવડર જપ્ત

જામનગર,તા.૧૪

જામનગર જિલ્લામાં ભેળસેળયુક્ત દૂધના કથિત કારોબારનો પર્દાફાશ થયો છે. કાલાવડ તાલુકાના હરિપર મેવાસા ગામના રબારીવાસ વિસ્તારમાં સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) દ્વારા દરોડો પાડીને શંકાસ્પદ દૂધ બનાવતી ડેરી ઝડપી પાડવામાં આવી છે.

આ કાર્યવાહી દરમિયાન ૪૮૬ લીટર શંકાસ્પદ દૂધ સહિત મોટી માત્રામાં દૂધ બનાવવા માટે વપરાતી સામગ્રી મળી આવતાં ત









વિશ્વ વિખ્યાત સંત શ્રી જલારામ બાપાનું પ્રાગટય અને પરચા

અમરેલી, તા. ૧૪

સંત શ્રી જલારામબાપાનો જન્મ ઈ.સ. વિક્રમ સંવત ૧૮૫૬ની કારતક સુદ સાતમે લોહાણા સમાજના ઠક્કર કુળમાં થયો હતો. તે ભગવાન રામના ભક્ત હતા.

જલારામ બાપાને ગૃહસ્થ જીવન કે પોતાના પિતાનો વ્યવસાય સ્વીકારવામાં કોઈ રસ ન હોતો. તેઓ હંમેશા યાત્રાળુઓ, સંતો અને સાધુઓની સેવામાં રોકાયેલા રહેતા. તેઓ પોતાના પિતાથી છૂટા થઈ ગયા અને તેમના કાકા વાલજીભાઈએ યુવાન જલારામ અને તેમની માતાને પોતાને ઘેર રહેવા સૂચવ્યું.

૧૮૧૮ની સાલમાં ૧૮ વર્ષની ઊંમરે તેમના લગ્ન આટકોટના પ્રાગજીભાઈ ઠક્કરની પુત્રી વીરબાઈ સાથે કરવામાં આવ્યાં. વીરબાઈ પણ ધાર્મિક અને સંત આત્મા હતા આથી તેમણે પણ જલારામ બાપા સાથે સંસારી વૃત્તિઓથી વિરક્ત રહી ગરીબો અને જરૂરિયાતમંદોની સેવાના કાર્યમાં ઝંપલાવી દીધું. વીસ વર્ષની વયે જલારામે આયોપ્રયા, કાશી અને બદ્રીનાથની જાત્રાએ જવાનું નક્કી કર્યું ત્યારે પત્નિ વીરબાઈ પણ તેમની સાથે જોડાયા.

૧૮ વર્ષની ઉંમરે તેઓ ગુજરાતના ફતેહપુરના ભોજા ભગતના અનુયાયી બન્યા. ભોજા ભગતે તેમને 'ગુઢ મંત્ર', માળા અને શ્રી રામનું નામ આપ્યું. તેમના ગુરૂના આશીર્વાદથી તેમણે 'સદાવ્રત'ની શરૂઆત કરી. સદાવ્રત એ એવું સ્થળ છે કે જયાં સાધુ–સંતો અને જરૂરિયાતમંદ લોકોને વર્ષના બારે મહિના અને ૨૪ કલાક ભોજનની વ્યવસ્થા આપવામાં આવે.

એક દિવસ એક સાધુ ત્યાં આવ્યાં અને તેમને રામની મૂર્તિ આપી અને ભવિષ્ય વાણી કરી કે નજીકના ભવિષ્યમાં હનુમાનજી ત્યાં આવશે.

જલારામે તે રામની મૂર્તિની ત્યાં પરિવારના ભગવાન



તરીકે સ્થાપના કરી અને તેના થોડા દિવસ બાદ જમીનમાંથી સ્વયંભૂ હનુમાનની મૂર્તિ મળી આવી. આ સાથે ત્યાં સીતા અને લક્ષ્મણની મૂર્તિઓ પણ સ્થાપિત કરવામાં આવી છે. આ સ્થળેથી કોઈ પણ ભોજન લીધા સિવાય પાછું નથી જતું. આ બધુ કાર્ય જલારામે શરૂઆતના વર્ષોમાં પોતાની પત્ની વીરબાઈ માના સહયોગથી અને પછી એકલે હાથે સંભાળ્યું. બાદના વર્ષોમાં ગામ વાળાઓએ પણ આ સેવાના કાર્યમાં સંત જલારામને સહયોગ આપ્યો. એમ માનવામાં આવે છે કે તેમની પાસે રહેલા ચમત્કારી અક્ષયપાત્રને કારણે અન્નની કદી ખોટ થતી નહીં. ત્યાર બાદ થોડા સમયમાં એક અવતારી પુરૂષ તરીકે તેમની ખ્યાતિ પ્રસરી. વીરપુર આવતા દરેક વ્યક્તિને નાતજાત કે ધર્મના ભેદ વગર બાપા દ્વારા ભોજન અપાતું. આજે પણ ગુજરાતના વીરપુરમાં ભોજન આપવાની આ પરંપરા ચાલુ છે.

એક સમયે હરજી નામના એક દરજી તેમની પાસે પિતાના પેટના દરદની ફરિયાદ લઈને ઈલાજ માટે આવ્યા. જલારામે તેમના માટે પ્રભુ પાસે પ્રાર્થના કરી અને તેમનું દર્દ શમી ગયું. આમ થતા તેઓ સંત જલારામના ચરણે પડી ગયા અને તેમને 'બાપા' કહી સંબોધ્યા. ત્યારથી તેમનું નામ જલારામ બાપા પડી ગયું. આ ઘટના પછી લોકો તેમની પાસે પોતાની વ્યાધિઓના ઈલાજ માટે અને અન્ય દુઃખો લઈને આવવા લાગ્યાં. જલારામ બાપા ભગવાન રામ પાસે તેમના માટે પ્રાર્થના કરતા અને લોકોનાં દુઃખ દૂર થઈ જતાં. હિંદુ તેમજ મુસલમાન બંને ધર્મના લોકો તેમના અનુયાયીઓ બન્યા. ૧૮૨૨માં જમાલ નામના એક મુસલમાન વ્યાપારીનો પુત્ર બિમાર પડયો, દીકરો–હકીમોએ તેના સાજા થવાની આશા મૂકી દીધી હતી. તે સમયે હરજીએ જમાલને પોતાને મળેલા પરચાની વાત કરી. તે સમયે જમાલે પ્રાર્થના કરી કે જો તેમનો પુત્ર સાજો થઈ જશે તો તેઓ જલારામ બાપાના સદાવ્રતમાં ૪૦ મણ અનાજ દાન કરશે. તેમનો પુત્ર સાજો થતા જમાલ ગાડું ભરીને અનાજ લઈને જલારામ બાપાને મળવા ગયા અને કહ્યું 'જલા સો અલ્લાહ'.

એક સમયે સ્વયં ભગવાન એક વૃદ્ધ સંતનું રૂપ લઈને આવ્યાં અને કહ્યું કે તેમની સેવા માટે જલારામે પોતાની પત્ની વીરબાઈ મા તેમને દાન કરી દેવી. જલારામે વીરબાઈ સાથે મસલત કરી અને તેમની રજા મળતા તેમણે વીરબાઈને સંતની સેવા માટે મોકલી આપ્યાં. પણ અમુક અંતર ચાલીને જંગલમાં પહોંચતા સંતે વીરબાઈ માને ત્યાં થોભીને રાહ જોવાનું કહ્યું. તેણીએ ત્યાં રાહ જોઈ પણ તે સંત પાછા ન આવ્યા. તેથી ઉલટું આકાશવાણી થઈ કે આ તો માત્ર દંપતિની મહેમાનગતિ ચકાસવાની પરીક્ષા હતી. તે સંત ગયા તે પહેલા તેઓ વીરબાઈ મા પાસે એક દંડો અને ઝોળી મૂકતાં ગયાં હતાં. વીરબાઈ મા ઘરે આવ્યાં અને જલારામબાપાને આકાશવાણી, દંડા અને ઝોળીની વાત કરી. આ દંડો અને ઝોળી વીરપુરમાં કાચની પેટીમાં પ્રદર્શન માટે મૂકેલા છે.

મિત્તલ ખેતાણી
(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

ટ્રાફિક પોલીસની માનવતા ભરી કામગીરી

અમરેલી : અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા ૮ વર્ષનાં બાળકને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડી બચાવ્યો જીવ

ચિતલ રોડ પર ઠેબી ડેમ પાસે પેટ્રોલિંગમાં રહેલી ટ્રાફિક પોલીસની ટીમે સમય સૂચકતા દાખવી

અમરેલી, તા. ૧૪

અમરેલી જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા ફરજની સાથે માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરૂ પાડવામાં આવ્યું છે. આજે અમરેલીનાં ચિતલ રોડ પર ઠેબી ડેમ નજીક એકિટવા પર સવાર પરિવાર અકસ્માતનો ભોગ બનતાં ૮ વર્ષિય બાળકને માથાનાં ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. અને વધુ પડતું લોહી વહી રહ્યું હતું. આવા કપરા સમયે પેટ્રોલિંગમાં રહેલી અમરેલી જિલ્લા ટ્રાફિક પોલીસની ટીમે તાત્કાલિક મદદે દોડી જઈ ઈજાગ્રસ્ત બાળકને પોલીસ વાહનમાં હોસ્પિટલ પહોંચાડી સમયસર સારવાર મળે તે માટે સરાહનીય કામગીરી કરી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, આજે સવારે આશરે ૧૧ વાગ્યાનાં સુમારે અમરેલીનાં ચિતલ રોડ પર ઠેબી ડેમ નજીક એકિટવા ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા એકિટવા માર્ગની સાઈડમાં આવેલા ખાડામાં ઉતરી ગયું હતું. આઅકસ્માતમાં એક ૮ વર્ષિય માસૂમ બાળકને માથાનાં ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. બાળકનાં માથામાંથી વધુ પડતું લોહી વહી રહ્યું હોવાથી પરિવારજનો મુશ્કેલીમાં મુકાયા હતા. ઘટનાને પગલે આસપાસના લોકોનાં ટોળાં એકત્રિત થયાં હતાં.

દરમિયાન આ જ માર્ગ પરથી જિલ્લા ટ્રાફિક શાખાની ગાડી પેટ્રોલિંગમાં પસાર થઈ રહી હતી.



ટ્રાફિક પોલીસની ટીમે અકસ્માતની ગંભીરતા પારખી માનવતાભર્યો અભિગમ અપનાવ્યો હતો. અને કોઈ પણ પ્રકારનો વિલંબ કર્યા વિના ઈજાગ્રસ્ત બાળક તથા તેના પરિવારજનોને પોલીસ વાહનમાં બેસાડી તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડયા હતા. પોલીસની આ સમય સૂચક કામગીરીનાં કારણે બાળકને વહેલી તકે સારવાર મળી રહે તે માટે મહત્વપૂર્ણ મદદ મળી હતી.

ગુજરાત પોલીસના ''સેવા, સુરક્ષા અને શાંતિ''નાં સૂત્રને સાર્થક કરતી અમરેલી જિલ્લા ટ્રાફિક પોલીસની આ કામગીરીની ઘટના સ્થળ ઉપસ્થિત લોકોએ તેમજ બાળકનાં પરિવારજનોએ ભારે પ્રશંસા કરી હતી. કાયદો અને વ્યવસ્થા જાળવવાની ફરજની સાથે મુશ્કેલીનાં સમયે માનવતાની ભાવના સાથે નાગરિકોની પડખે ઊભા રહેતી પોલીસની આ કામગીરી લોકોમાં સરાહનાનો વિષય બની છે.

દરવર્ષની જેમ આ વર્ષે પણ

રાજુલા ખાતે પૂર્વ ધારાસભ્ય અંબરિષ ડેર દ્વારા સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો

મોટી સંખ્યામાં આગેવાનો ઉપસ્થિત રહ્યા



રાજુલા, તા. ૧૪

રાજુલા જાફરાબાદ ખાંભાનાં પૂર્વ ધારાસભ્ય અંબરીષભાઈ ડેર દ્વારા દરવર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ બેસતા વર્ષનાં પાવન અવસરે પરસ્પર સ્નેહ મિલન અને શુભેચ્છાઓની આપ–લે માટે રાજુલા માર્કેટિંગ યાર્ટ સામે વિજય ચોક ખાતે વિશેષ શુભેચ્છા મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે મોટી સંખ્યામાં રાજુલા જાફરાબાદ ખાંભા વિસ્તારનાં સ્થાનિક અગ્રણીઓ, કાર્યકરો અને વેપારીઓ અને ખેડૂતો સાગરખેડૂ ઓ નગરજનો મોટી સંખ્યામાં આવીને પૂર્વ ધારાસભ્યને નવા વર્ષના રામ–રામ કર્યા હતા. આ તકે જાફરાબાદથી સાગરખેડૂ યુવાનો મોટી સંખ્યામાં લોકો, પૂર્વ ધારાસભ્ય અંબરીષભાઈ ડેરને નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ પાઠવતા વિશાળ સમુદ્ર જેવું દિલ ધરાવતા સાગરખેડૂ યુવાનો તથા સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટનાં પ્રમુખ કિશોરભાઈ આર. સોલંકી તથા સભ્યઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને પૂર્વ ધારાસભ્ય સાથે સૌ સાગરખેડૂઓએ તેમની બાજુમાં રહીને સેલ્ફી લઈ મોજમાં આવી ગયા હતા. આ તકે પૂર્વ ધારાસભ્ય દ્વારા સૌ સાગરખેડૂઓને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. આ તકે જાફરાબાદનાં સામાજિક કાર્યકર અને કોળી સમાજનાં અગ્રણી પ્રવિણભાઈ બારૈયા તથા કોળી સમાજનાં અગ્રણી શ્યામભાઈ, તથા જીવનભાઈ બારૈયા, તથા શૈલુબાપુ, કાર્યકરો મિત્ર મંડળ મોટી સંખ્યામાં રાજુલા જાફરાબાદ ખાંભાનાં વડિલો, વિવિધ સમાજનાં અગ્રણીઓ, વેપારીઓ, સામાજિક કાર્યકરો રાજુલાની જનતા જનાર્દન આ સ્નેહમિલનમાં જોડાયા હતા. સૌ લોકોનો હૃદયપૂર્વક નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવતા વિશાળ સમુદ્ર જેવું દિલ ધરાવતા પૂર્વ ધારાસભ્ય અંબરીશભાઈ ડેર દ્વારા દિલથી શુભેચ્છાઓ પાઠવી હતી.

''અમરેલી એકસપ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
''અમરેલી એકસપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ–મેઈલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એકસપ્રેસ''દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

સિંહ દર્શનની ઘેલછામાં પાંચ સિંહોના ટોળા પાછળ ફોર વ્હીલ દોડાવી

ધારી ગીર પંથકમાં દિવાળીનાં તહેવારો દરમિયાન સિંહોની પજવણીનો વીડિયો વાયરલ થતાં ચકચાર

વન્ય જીવોની સુરક્ષા સામે પ્રવાસીઓની બેદરકારી છતી, વનવિભાગે વીડિયો આધારે તપાસ હાથ ધરી

અમરેલી, તા. ૧૪

અમરેલી જિલ્લામાં દિવાળીના તહેવારો દરમિયાન મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી પડતા હોય છે, ત્યારે અમરેલી જિલ્લાના ગીર પંથકમાં સિંહ દર્શનની ઘેલછામાં કેટલાક સહેલાણીઓ દ્વારા વન્યજીવોની પજવણી કરવામાં આવતી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. ધારી ગીર પંથકનાં ગામડાઓમાં પાંચ સિંહોના ટોળા પાછળ ફોર વ્હીલ વાહન દોડાવવામાં આવતું હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં વન્ય જીવ પ્રેમીઓમાં રોષ ફેલાયો છે.

અમરેલી જિલ્લાના ગીરના જંગલ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં વસવાટ કરતા એશિયાટિક સિંહો જોવા માટે પ્રવાસીઓ મોટી સંખ્યામાં પહોંચે છે. જો કે, આવી સિંહ દર્શનની ઘેલછા કયારેક વન્યજીવો માટે જોખમી બની રહી છે.

દિવાળીના તહેવારો દરમિયાન કેટલાક સહેલાણીઓ દ્વારા



પાંચ સિંહોના ટોળા પાછળ ફોર વ્હીલ વાહન દોડાવી સિંહોને હેરાન કરવામાં આવ્યા હોવાનો વીડિયો સામે આવ્યો છે. કુદરતી વાતાવરણમાં મુકતપણે વિચરતા સિંહોની પાછળ વાહન દોડાવી તેમને પરેશાન કરવાની આ હરકત વન્યજીવ સંરક્ષણના નિયમો સામે ગંભીર સવાલો ઊભા કરે છે.

આ સમગ્ર બનાવમાં કયા સ્થળે અને કયા લોકેશન પર આ વાહન દ્વારા સિંહોની પજવણી કરવામાં આવી હતી તે અંગે હાલ વનતંત્ર અજ્ઞાણ હોવાનું જાણવા મળે છે. બીજી તરફ વાયરલ થયેલા વીડિયોને આધારે વનવિભાગ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે અને વાહન તથા તેમાં સવાર વ્યકિતઓની ઓળખ મેળવવા સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

એક તરફ વનવિભાગ દ્વારા સિંહોના સંરક્ષણ માટે વિવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, તો બીજી તરફ સિંહ દર્શનના નામે કેટલાક બેજવાબદાર પ્રવાસીઓ દ્વારા સિંહોની પાછળ વાહનો દોડાવી પજવણી કરવામાં આવતી હોવાની ઘટનાઓ વન્યજીવોની સુરક્ષા સામે ચિંતાનો વિષય બની છે. હવે વાયરલ વીડિયો બાદ વનવિભાગ આવા બેજવાબદાર પ્રવાસીઓ સામે કેવાં પગલાં ભરે છે તેના પર સૌની નજર મંડાઈ છે.

સમાજની એકતા, ભાઈચારો અને સંગઠન ભાવના સાથે

બાબરામાં યુવા ગુર્જર પ્રજાપતિ સમાજનો સ્નેહમિલન અને સન્માન સમારોહ યોજાયો

સમાજનાં આગેવાનો, નવનિયુક્ત હોદ્દેદારો અને સરકારી નોકરી મેળવનાર યુવાનોનું સન્માન કરાયું

બાબરા, તા. ૧૪

યુવા ગુર્જર પ્રજાપતિ સમાજ, બાબરા શહેર દ્વારા સ્નેહમિલન અને સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમાજનાં આગેવાનો, યુવાનો તેમજ વિવિધ ક્ષેત્રોમાં સિદ્ધિ પ્રાપ્ત કરનાર પ્રતિભાઓનું સન્માન કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાનાં ઉપાધ્યક્ષ ભુપેન્દ્રભાઈ બસીયાનું સમાજનાં પ્રમુખ જીતુભાઈ સાંગડીયા દ્વારા શહેર ભાજપ મહામંત્રી રમેશભાઈ સાંગડીયાનું ઉપપ્રમુખ સુરેશભાઈ સોરઠીયા દ્વારા તેમજ નગરપાલિકા સભ્ય જીજ્ઞાશાબહેન શકોરીયાનું દવુબેન બાવળીયા દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત સરકારી નોકરી પ્રાપ્ત કરનાર સમાજનાં યુવાનોનું તેમજ ડો. શનિભાઈનું વિશેષ સન્માન



કરાયું હતું. કાર્યક્રમનું સુંદર સંચાલન કરનાર મનિષકુમાર તલસાણીયાનું પણ શાલ ઓઢાડી અને પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.

આ સ્નેહમિલનનો મુખ્ય હેતુ સમાજમાં એકતા, ભાઈચારો અને સંગઠનની ભાવના મજબૂત બનાવવા સાથે યુવા પ્રતિભાઓને પ્રોત્સાહિત કરવાનો રહ્યો હતો. અંતે સમાજનાં વિકાસ અને પ્રગતિ માટે સૌએ સાથે મળીને કાર્ય કરવાનો સંકલ્પ વ્યકત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમ ઉત્સાહભેર અને હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયો હતો.

નિર્માણાધીન નુતન બીએપીએસ સ્વામીનારાયણ મંદિર ગુણાતીત સભા ગૃહમાં

અમરેલીમાં બીએપીએસ સ્વામિનારાયણ મંદિર ભવ્ય અન્નકૂટ ઉત્સવ યોજાયો

કોઠારી સાધુ ચરિતસ્વામી અને રાજયમંત્રી વેકરિયાએ ગોવર્ધન પૂજા અને આરતી કરી

અમરેલી, તા. ૧૪

અમરેલીમાં આકાર લઈ રહેલા ગુલાબી પથ્થરોનું ભવ્ય બીએપીએસ સ્વામિનારાયણ મંદિરના ગુણાતીત સભા ગૃહમાં નૂતન વર્ષના પ્રારંભે ૧૦૦૦ વાનગીઓનો શુદ્ધ અને શાકાહારી ભવ્ય મહા અન્નકોટ યોજાયો હતો અને ઠાકોરજી તથા ગુરૂ પરંપરા સમક્ષ અન્નકૂટ ધરવામાં આવ્યો હતો.

અમરેલીના ગાંધીબાગ પાછળ સરદાર સર્કલ સામે પોલીસ લાઈનની બાજુમાં બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થા દ્વારા ગુલાબી પથ્થરોનું ભવ્ય અને દિવ્ય મંદિર આકાર લઈ રહ્યું છે. અને ગુણાતીત સભા ગૃહમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ મહા અન્નકોટનું આયોજન કરવામાં આવતા નુતન વર્ષના પ્રારંભે વહેલી સવારના શુદ્ધ અને શાકાહારી ૧,૦૦૦ થી વધુ વાનગીઓ મંત્રી કેશિક વેકરીયા અને મંદિરના કોઠારી સાધુ ચરિત સ્વામીએ ઠાકોરજી સમક્ષ વૈદિક પૂજન વિધિ સાથે ગોવર્ધન પૂજા અને મહા આરતી કરી અન્નકૂટ ઉત્સવને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

ઉત્સવમાં વહેલી સવારથી સાંજના છ કલાક સુધી જિલ્લા



ભરમાંથી હજારો સંખ્યામાં લોકોએ દર્શનનો લાભ લીધો હતો મંદિરના પ્રાંગણમાં સત્સંગ દીક્ષા હોમાત્મા યજ્ઞ યોજાયો હતો અને ઉપસ્થિત હરિભકતોએ યજ્ઞ નારાયણને આહુતિઓ અર્પણ કરી ધન્યતા અનુભવે હતી.

મહા અન્નકૂટ ઉત્સવમાં દર બે કલાકે આરતીનો લાભ પ્રતિષ્ઠત વ્યકિઓ, અધિકારીઓ, જુદી જુદી સેવાકીય સામાજિકઅને ધાર્મિક સંસ્થાઓના પ્રતિનિધિઓ જોડાઈ ધન્યતા અનુભવી હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા ગુણાતીત ગુરૂ પરંપરા, ભગવાન શ્રી સીતારામ, શ્રી રાધાકૃષ્ણ દેવ, શ્રી શિવ પાર્વતીજી, શ્રી લક્ષ્મીનારાયણ દેવ, હનુમાનજી તથા ગણપતિજીને ૧૦૦૦થી વધારે શુદ્ધ અને શાકાહારી વાનગીઓનો આ મહા અન્નકૂટ ઉત્સવ પૂર્ણ થયા બાદ જુદી જુદી ૧૨ જેટલી સેવાકીય સંસ્થાઓના માધ્યમથી મહાપ્રસાદ જરૂરિયાત મંદ લોકોને પહોંચાડવામાં આવ્યો હતો.

આ મહા અન્નકોટ અમરેલી મંદિરના કોઠારી સંત પૂ. સાધુ ચરિત સ્વામી. પૂ. યોગવીર સ્વામી, પૂ. દિવ્ય સેતુ સ્વામી, પૂ. વિનય જીવન સ્વામી સહિત ૫૫૦ થી વધારે હરિભકતો સેવામાં જોડાયા હતા.

જાહેર માર્ગ પર બે સિંહોનું રોડ ક્રોસિંગ જોવા મળ્યુ

ધારીનાં ગીર ઉપરાંત ગ્રામ્ય પંથકમાં પણ સિંહોનું સામ્રાજય ફેલાયુ

વાડીની કાંટાળી વાડ નીચેથી સરકીને રસ્તો ઓળંગતા સિંહો મોબાઈલ કેમેરામાં કેદ

અમરેલી, તા. ૧૪

અમરેલી જિલ્લાના ધારી પંથકમાં ગીર જંગલ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાં પણ એશિયાટિક સિંહોનું સામ્રાજય જોવા મળી રહ્યું છે. ધારી તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારોમાં અવારનવાર સિંહો જાહેર માર્ગો પર આવી ચઢતા હોય છે, ત્યારે નવા વર્ષની શરૂઆતમાં જ ધારીના હુડલી ગામથી રામપરા ગામ તરફ જવાના રસ્તા પર બે સિંહો જોવા મળતાં લોકોમાં કુતૂહલ સાથે રોમાંચની લાગણી પ્રસરી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, હુડલીથી રામપરા ગામ તરફ જતા માર્ગ પર બે સિંહો શિકારની શોધમાં કે લટાર મારતા આવી પહોંચ્યા હતા. આ દરમિયાન વાડી–ખેતરની કાંટાળી વાડ નીચેથી



સરકીને બંને સિંહોએ રસ્તો ક્રોસ કર્યો હતો. જાહેર માર્ગ પર નિર્ભયતાથી પસાર થતા બંને સિંહોનું દશ્ય કોઈએ પોતાના મોબાઈલ કેમેરામાં કેદ કરી લીધું હતું.

રસ્તો ઓળંગતા બે સિંહોના આ દશ્યો સોશ્યલ મીડિયામાં વાયરલ થતાં વન્યજીવપ્રેમીઓમાં પણ ચર્ચા જાગી છે. ધારીના ગીર વિસ્તારની આસપાસનાં ગામડાંઓમાં સિંહોની અવરજવર હવે અવારનવાર જોવા મળી રહી છે. જંગલની સરહદો વટાવીને ગ્રામ્ય રસ્તાઓ અને વાડી–ખેતરો સુધી પહોંચતા સિંહોની હાજરી ગીરની સમૃદ્ધ વન્યજીવ સૃષ્ટિનો પરિચય કરાવી રહી છે.

લીલીયા મોટા : સલડીના ૯૦૦ વીઘામાં ફેલાયેલા વિશાળ તળાવના પુનરૂદ્ધારનો પ્રારંભ







લીલીયા તાલુકાના સલડી ગામે વર્ષોથી પુનઢદ્ધારની રાહ જોઈ રહેલા આશરે ૯૦૦ વીઘામાં ફેલાયેલા વિશાળ તળાવના વિકાસ કાર્યનો પ્રારંભ કરવામાં આવ્યો છે. રાજય સરકાર દ્વારા આ મહત્વપૂર્ણ કામગીરી માટે આશરે રૂ.૨ કરોડ ૮૬ લાખ ની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવતાં સમગ્ર વિસ્તારના ખેડૂતો અને ગ્રામજનોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે. આ તળાવના પુનરૂદ્ધારથી લીલીયા અને અમરેલી તાલુકાનાં આશરે ૧૯ ગામોને સિંચાઈ સહિત જળસંચયનો મોટો લાભ મળશે. સલડી ગામનું આ વિશાળ તળાવ જિલ્લાનાં મોટાં તળાવોમાં સ્થાન ધરાવે છે. લાંબા સમયથી તળાવના વિકાસ અને પુનરૂદ્ધારની માંગણી વચ્ચે હવેસરકારની ગ્રાન્ટથી તેના નવસર્જનનો માર્ગ મોકળો થયો છે. આ કામગીરી અંતર્ગત તળાવને બાવળમુક્ત કરવું, તળાવને ઊંડું કરવું, પાળાઓને મજબૂત બનાવવા તેમજ મુખ્ય માર્ગથી પુલ સુધીના એપ્રોચની સુવિધા વિકસાવવા સહિતનાં વિવિધ કામો હાથ ધરવામાં આવશે. આ પ્રસંગે સાવરકુંડલા–લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ રાજય સરકાર, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને સિંચાઈ મંત્રીનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, લાભ પાંચમના પવિત્ર દિવસે સલડી ગામના તળાવના પુનરૂદ્ધારની કામગીરીનો પ્રારંભ થઈ રહ્યો છે તે આનંદની વાત છે. આ વિકાસકાર્યથી આસપાસના અનેક ગામોના ખેડૂતોને સિંચાઈ માટે પાણીનો લાભ મળશે. આ પ્રસંગે ગઢડાથી પધારેલા પૂજય સંતોના આશીર્વાદ પણ પ્રાપ્ત થયા હતા. કાર્યક્રમમાં રાજયકક્ષાના ઉર્જા અને કાયદા મંત્રી કૌશિકભાઈ વેકરિયા, અમરેલી લોકસભાના સાંસદ ભરતભાઈ સુતારિયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન ચોડવાડિયા, જિલ્લા પંચાયત સદસ્ય જિગ્નેશભાઈ સાવજ, આનંદભાઈ ધાનાણી, ધર્મેશ દેસાઈ, વિપુલભાઈ દુધાત, ભીખાભાઈ ધોરાજિયા, સરપંચ રમેશભાઈ મકવાણા, પ્રજ્ઞેશભાઈ રામાણી, પ્રફુલભાઈ ધીનૈયા, વિજયભાઈ ગજેરા, વિનુભાઈ રમાણી, નાથાલાલ સુખડિયા, વિજયભાઈ અકબરી સહિતના આગેવાનો, મહાનુભાવો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા. આ તળાવના પુનરૂદ્ધારની કામગીરી આગામી વર્ષ સુધીમાં પૂર્ણ કરવાનો આશાવાદ વ્યક્ત કરવામાં આવ્યો છે. તળાવના બ્યુટીફિકેશન માટે જરૂરિયાત મુજબ રાજય સરકારમાંથી વધારાની ગ્રાન્ટ મંજૂર કરાવવા પણ પ્રતિબદ્ધતા દર્શાવવામાં આવી છે. આ સાથે ગામના દાતાઓએ પણ વિકાસકાર્યમાં સહયોગ આપવા તૈયારી દર્શાવી છે. ઉલ્લેખનીય છે કે આ તળાવના પુનઢદ્ધારથી લીલીયા તાલુકાનાં ઈશ્વરિયા, નાના લીલીયા સહિત આસપાસનાં ગામો તેમજ અમરેલી તાલુકાનાં કેટલાક ગામો મળી આશરે ૧૯ જેટલા ગામોને જળસિંચાઈનો લાભ મળશે. વર્ષોથી પાણીની સમસ્યાનો સામનો કરતા ખેડૂતો માટે આ કામગીરી આશીર્વાદરૂપ સાબિત થવાની આશા છે સલડી ગામના તળાવનું આ નવસર્જન માત્ર એક જળાશયનો પુનરૂદ્ધાર નહીં, પરંતુ આસપાસનાં ૧૯ ગામોના ખેડૂતોની આશા, ખેતીની સમૃદ્ધિ અને આવનારી પેઢીના જળસુરક્ષિત ભવિષ્ય તરફનું મહત્વપૂર્ણ પગલું બની રહેશે તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

રિસોર્ટમાં ચાલતી દારૂની મહેફિલમાં ભંગ

તાલાલા નજીક આવેલ સાંગોદ્રા ગામનાં પાટિયાથી આગળ આવેલ ફાર્મ હાઉસમાં પોલીસનો દરોડો

રાજકોટ અને ગોંડલનાં ૪ વ્યકિતઓ ઝડપાયા



ઉના, તા. ૧૪

ગીર સોમનાથ જિલ્લાનાં તાલાલા તાલુકામાં દિવાળીનાં તહેવારને ધ્યાનમાં રાખીને પોલીસ દ્વારા રિસોર્ટ અને ફાર્મ હાઉસમાં ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ત્યારે સાંગોદ્રા ગામનાં પાટિયાથી આગળ મધુરમ પેટ્રોલપંપ પાસે આવેલા ''વૃંદાવન ફાર્મ એન્ડ ફેમિલી રિસોર્ટ''માં દારૂની મહેફિલ માણતા ચાર શખ્સોને તાલાલા પોલીસે ઝડપી પાડતાં ચકચાર મચી ગઈ છે.

જૂનાગઢ રેન્જનાં ડીઆઈજીપી રાજેન્દ્રસિંહ ચુડાસમા તથા ગીર સોમનાથ જિલ્લા પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજા દ્વારા જિલ્લામાં જુગાર અને પ્રોહિબિશનને લગતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓને નેસ્તનાબૂદ કરવા પોલીસને કડક સૂચનાઓ આપવામાં આવી છે. આ સૂચનાનાં અનુસંધાને જિલ્લા પોલીસ વડાનાં માર્ગદર્શન હેઠળ તાલાલા પોલીસ ઈન્સ્પેકટર ડી.બી. ગઢવી દ્વારા દિવાળીનાં તહેવારને અનુલક્ષીને રિસોર્ટ અને ફાર્મ હાઉસમાં દારૂની મહેફિલ માણતા શખ્સો સામે કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી.

જેના આધારે તાલાલા પોલીસ સ્ટેશનનાં સર્વેલન્સ સ્ટાફનાં એ.એસ.આઈ. દેવેન્દ્રભાઈ ભૂપતભાઈ, પોલીસ હેડ કોન્સ્ટેબલ જગદીશભાઈ અરજણભાઈ, કૃષ્ણકુમારસિંહ કર્ણસિંહ, પોલીસ કોન્સ્ટેબલ રજનીભાઈ દેદાભાઈ તથા કપિલભાઈ ચીનાભાઈ સહિતની ટીમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ફાર્મહાઉસ ચેકિંગ કરી રહી હતી. દરમિયાન સાંગોદ્રા ગામના પાટિયાથી આગળ મધુરમ પેટ્રોલપંપ પાસે આવેલા વૃંદાવન ફાર્મ એન્ડ ફેમિલી રિસોર્ટમાં દરોડો પાડવામાં આવ્યો હતો.

પોલીસે સ્થળ પરથી દારૂની મહેફિલ માણતા રાજકોટનાં ધર્મેન્દ્રસિંહ ગીરૂભા ગોહિલ અને હર્ષદભાઈ મનસુખભાઈ સરધારા તેમજ ગોંડલનાં રાકેશભાઈ કિશોરભાઈ કણસાગરા અને ચિરાગભાઈ પોપટભાઈ રામાણી મળી કુલ ચાર શખ્સોને ઝડપી પાડયા હતા તેમજ પોલીસે સ્થળ પરથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ સહિતનો મુદ્દામાલ કબજે કર્યો હતા.

આ મામલે તાલાલા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એકટની કલમ ૬૫(એએ), ૬૬(૧)(બી), ૮૪, ૮૬ અને ૮૧ મુજબ ગુનો નોંધી ચારેય શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

દિવાળીનાં તહેવારો દરમિયાન રિસોર્ટ અને ફાર્મ હાઉસમાં ગેરકાયદેસર દારૂની પ્રવૃત્તિઓ સામે પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલી આ કાર્યવાહીથી આવા સ્થળોએ ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા શખ્સોમાં ફફડાટ ફેલાયો છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૮૨૭

પાના ૮ ઉપરનું ચાલું

ધારીનાં તુલસીશ્યામ માર્ગ પર

માર્ગ પર આવેલા દુધાળા ગામ નજીક ગઈકાલે બાઈક અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતાં એકનું ઘટના સ્થળે જ કરૂણ મોત નીપજયું હતું.

પ્રાપ્ત વિગતો અનુસાર, ધારીના દુધાળા ગામ નજીકથી બાઈક લઈને પસાર થઈ રહેલા ગીર ગઢડા તાલુકાના ટીમ્બરવા ગામના રામજીભાઈ બારૈયાને જી.જે.–૦૩ એમઈ–૦૧૫૮ ફોરવ્હીલ કારના અજાણ્યા ચાલકે બાઈકને જોરદાર ટક્કર મારતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાઈક સવાર રામજીભાઈ બારૈયાનું ગંભીર ઈજાઓના કારણે ઘટના સ્થળે જ મોત નીપજયું હતું.

આ બનાવની જાણ થતાં ધારી પોલીસનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. મૃતકના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ધારી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યોહતો.

આ બનાવ અંગે મૃતકના પુત્ર ધર્મેશ રામજીભાઈ બારૈયા (રહે. ટીમ્બરવા, તા. ગીર ગઢડા) દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે અજાણ્યા કારચાલક વિરૂદ્ધ ફરિયાદના આધારે આગળની તપાસ હાથ ધરી છે.

ગીર વિસ્તારના પ્રવાસન માર્ગો પર વાહનોની વધતી અવરજવર વચ્ચે સર્જાયેલા આ જીવલેણ અકસ્માતે માર્ગ સલામતી અને વાહનચાલકોની જવાબદારી સામે ફરી એકવાર ગંભીર સવાલો ઊભા કર્યા છે.

પાના ૧ ઉપરનું ચાલું

શ્રી જલારામ જયંતીની કરાશે ઉજવણી

જ્ઞાતિબંધુઓસામેલથાયતેમાટેટ્રસ્ટના ઉપપ્રમુખ ભાવેશભાઈ સોઢા, સંજયભાઈ વણઝારાતથામોન્ટુભાઈ સોનપાલ ટેલિફોનથી જ્ઞાતિજનોનો સંપર્કકરીરહ્યાછે.

શોભાયાત્રામાં તથા મહાજનવાડીમાં જલારામબાપાનો ફલોટસામેલકરવાયોગેશભાઈકોટેચા તથા હરેશભાઈ સાદરાણી જહેમત ઉઠાવીરહ્યાછે.

શોભાયાત્રાના અંતે મહાજનવાડી ખાતે જ્ઞાતિ ભોજનનું આયોજન કરેલ છે જેની સમગ્ર વ્યવસ્થા ટ્રસ્ટના પૂર્વપ્રમુખજીતુભાઈ ગોળવાળાના માર્ગદર્શન નીચે બબાભાઈ કારિયા તથા મનીષભાઈ મોરઝરિયા (શિવધારી) સંભાળીરહ્યા છે. પીરસવાની સમગ્ર વ્યવસ્થા ટ્રસ્ટી હિતેષભાઈ આડતિયાની નિગરાની નીચે રમેશભાઈ, હિતેશભાઈ આસલીયા, રસિકભાઈ (મગનભાઈ) ગાંધીયા, અતુલભાઈ વસાણી, અનિભાઈ કોઠીયા, વિનુભાઈ વસાણીનીટીમસંભાળશે.

જલારામ જયંતિની ઉજવણીના સમગ્ર કાર્યક્રમમાં અમરેલી રઘુવંશી લોહાણા સમાજના તમામઘરેથીસપરિવાર પધારવાતથા સંતો– મહંતોના આશીર્વાદ લેવા જલારામ બાપાના શ્રીચરણ પ્રણામ કરવા અમરેલી રઘુવંશી લોહાણા સમાજના પ્રમુખ ડો.ભરતભાઈ કાનાબાર દ્વારા અપીલ કરવામાં આવીછે.

શોભાયાત્રાના રૂટમાં લોહાણા યુવક મંડળ અને ઈન્દિરા શોપિંગસેન્ટરનાવેપારીઓદ્વારાશરબત તથાપાણીનીવ્યવસ્થાનુંઆયોજનકરેલ છે. આ ઉપરાંત હિતેશભાઈ પોપટના માર્ગદર્શનનીચેટાવરચોકવેપારીમંડળ દ્વારા શોભાયાત્રામાં સામેલ થનાર ભકતો માટે ઠંડી લસ્સીનું આયોજન કરેલ છે.

અમરેલી લોહાણા મહાજનના તમામ ટ્રસ્ટીઓ અને જલારામ મંદિર કમિટીના તમામ સભ્યો દ્વારા આ કાર્યક્રમોને સફળ બનાવવા હાર્દિક અનુરોધ કરવામાં આવે છે.

ઈન્સ્ટા આઈડી ન આપવાના મુદ્દે ૨૨ વર્ષિય યુવતી અને પરિવારને ગાળો આપી માર માર્યો

અમરેલીમાં યુવતીના ઘરમાં ઘુસી છરીની અણીએ પરિવારને ધમકી આપી લૂંટ ચલાવી

પિતાના ખિસ્સામાંથી રૂા. ૨૬૦૦ની રોકડ કાઢી બે દિવસ બાદ ફરી ઘરમાં ઘુસી તોડફોડ કરી

અમરેલી, તા. ૧૪

અમરેલી શહેરમાં યુવતીની પજવણી કરી અને પરિવારને ધાકધમકી આપવાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. ચક્કરગઢ રોડ પર આવેલી એક સોસાયટીમાં એક શખ્સે ૨૨ વર્ષીય યુવતીના રહેણાંક મકાનમાં ઘૂસી યુવતી અને તેના માતા–પિતાને ગાળો આપી છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની ફરિયાદ નોંધાઈ છે. એટલું જ નહીં, યુવતીના પિતાના ખિસ્સામાંથી રૂા. ૨૬૦૦ની રોકડ કાઢી લેવાની, યુવતીની છેડતી અને જાતીય સતામણી કરવાની તેમજ પરિવારને બે કલાક સુધી ઘરમાં ગેરકાયદેસર રીતે બેસાડી રાખ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે આરોપીને ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, અમરેલીના ચક્કરગઢ રોડ પર રહેતા યુવરાજ ઉર્ફે શિવકુ બાબુભાઈ મકવાણા નામના શખ્સે ગત તા. ૧૦ના રોજ સાંજે ૭થી ૯ વાગ્યાના સમયગાળા દરમિયાન ચક્કરગઢ રોડ પર સંકુલ પાછળ આવેલી કૃષ્ણા પાર્ક સોસાયટીની શેરી નં. ૪માં રહેતી ૨૨ વર્ષીય ખુશાલીબેન ટાંકના મકાનમાં પ્રવેશ કર્યો હતો. આરોપીએ યુવતીને તેના ભાઈનો ફોન કેમ ઉપાડતી નથી અને ઈન્સ્ટાગ્રામ આઈડી કેમ આપતી નથી તેમ કહી યુવતી તથા તેના માતા–પિતાને ગાળો આપી હતી.

આ દરમિયાન આરોપીએ પોતાની પાસેથી છરી કાઢી યુવતી અને તેના માતા–પિતાને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. યુવતીના ભાઈને ઢીકાપાટુનો માર મારી છરી બતાવી હતી તેમજ યુવતીના પિતાના શર્ટના ઉપરના ખિસ્સામાંથી રૂા. ૨૬૦૦ રોકડા કાઢી લીધા હતા. આરોપીએ યુવતીનું ટી–શર્ટ પકડતા માતા–પિતા અને ભાઈ વચ્ચે પડયા હતા, ત્યારે યુવતીના પિતાનું માથું દિવાલ સાથે ભટકાવી યુવતીની આબરૂ લેવાના ઈરાદે છેડતી કરી જાતીય સતામણી કર્યાની તેમજ પરિવારના સભ્યોને બે કલાક સુધી ઘરમાં જ ગેરકાયદેસર રીતે અટકાવી રાખ્યાની ફરિયાદ નોંધાઈ છે.



આટલેથી ન અટકતાં આરોપીએ ગત તા. ૧૨ના રોજ બપોરે બે વાગ્યે ફરી યુવતીના ઘરે પહોંચીને વંડી ટપી મકાનમાં પ્રવેશ કર્યો હતો. હાથમાં ખુલ્લી છરી લઈને યુવતીને દરવાજો ખોલવાનું કહી યુવતી તથા તેના પરિવારજનોને ગાળો આપી હતી. ત્યારબાદ યુવતીના ભાઈનું મોટર સાઈકલ પાડી દીધું હતું અને ઘરના કાચ ફોડી નાખ્યા હતા. મકાનના રસોડાની તથા અન્ય બારીઓના કાચ હાથથી અને છરી વડે તોડી આશરે રૂા. પથી ૧૦ હજારનું નુકસાન પહોંચાડી આરોપી નાસી છૂટયો હતો. આ સમગ્ર બનાવ અંગે યુવતીએ અમરેલી પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીને ઝડપી લઈ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સ્કૂલ હોસ્ટેલ – કોલેજ હોસ્ટેલ – રેક્ટર જોઇએ છે.
★ સેલરી લાયકાત પ્રમાણે 16,000/– થી 20,000/– નોન વેકેશનલ
★ લાયકાત :– UG OR PG – ગુજરાતી મિડીયમ OR ઈંગ્લીશ મિડીયમ
★ અનુભવી અને ફેશર – બન્ને પસંદગીને પાત્ર – ફેશરને પ્રાયોરીટી
★ સંકુલ અને બહારનાં – બન્ને પસંદગી ને પાત્ર – સંકુલને પ્રાયોરીટી
★ ધો. ૧૨ પાસ Extra રેક્ટર માટે માન્ય – ફક્ત સંકુલ સ્ટુડન્ટ્સ માટે
★ રેક્ટરને Key-Pad ફોનની છૂટ – સ્માર્ટ ફોનની મર્યાદિત છૂટ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ અમરેલી
સ્થળ:– શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી -Ad153

અવસાન નોંધ

અમરેલી : મૂળ ખીરસરા (કાલરીયા) નિવાસી સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ સ્વ. અનંતરાય છગનલાલ પાઠક (ઉ.વ. ૮૩) તે હંસાબેનના પતિ, હસમુખલાલ (અમરેલી), મનસુખલાલ (ધોરાજી), અરવિંદભાઈ તથા જગદીશભાઈ (ખીરસરા) ના મોટાભાઈ તેમજ ગીતાબેન, કલ્પનાબેન, પારૂલબેનના પિતાશ્રી તેમજ જીતેન્દ્રભાઈ રતિલાલ ડણાકના સસરાનું તારીખ ૧૩ શુક્રવારના રોજ અવસાન થયેલ છે. તેઓનું બેસણું તારીખ ૧૬ સોમવારના રોજ સાંજના ૪ થી ૬ કલાક સુધી સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ બોર્ડિંગ, ગર્લ્સ સ્કુલ સામે, નાગનાથ મંદિર પાછળ, અમરેલી ખાતે રાખેલ છે.

અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શિંગ મઠડી	૧૪૨૦	૧૫૬૦
૨	ગીરનાર શીંગ	૧૧૦૦	૧૫૮૦
૩	શિંગ મોટી	૧૨૨૫	૧૬૧૫
૪	તલ સફેદ	૨૮૦૦	૪૫૦૦
૫	તલ કાળા	૨૩૨૦	૪૫૦૦
૬	તલ કાશ્મીરી	૩૧૬૦	૩૧૬૦
૭	બાજરો	૪૦૦	૬૦૦
૮	જુવાર	૫૬૦	૧૮૨૫
૯	ઘઉં ટુકડા	૪૫૦	૬૫૫
૧૦	ઘઉં લોકવન	૫૫૦	૬૩૫
૧૧	અડદ	૧૨૦૦	૧૭૦૦
૧૨	ચણા	૧૦૦૦	૧૫૭૫
૧૩	તુવેર	૧૩૦૦	૧૬૦૫
૧૪	કપાસ	૧૧૩૦	૧૬૫૧
૧૫	એરંડા	૧૩૦૦	૧૫૩૦
૧૬	જીરૂ	૨૦૦૦	૫૨૨૫
૧૭	ધાણી	૨૮૦૦	૩૩૦૦
૧૮	મેથી	૧૧૦૦	૧૫૦૦
૧૯	સોયાબીન	૧૦૦૦	૧૪૬૦
૨૦	મરચા લાંબા	૧૮૨૦	૫૬૭૦

લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૮૬૬	૧૮૬૬

સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ જીણી	૧૩૦૦	૧૬૭૫
૨	શીંગ મોટી	૧૩૫૦	૧૬૬૧
૩	તલ સફેદ	૨૮૦૦	૩૬૩૬
૪	તલ કાળા	૩૨૦૦	૪૦૦૦
૫	જીરૂ	૪૫૦૦	૫૫૫૫
૬	કપાસ	૧૮૦૦	૧૯૨૧
૭	ઘઉં લોકવન	૫૫૦	૬૧૧
૮	ઘઉં ટુકડા	૫૮૦	૬૮૩
૯	બાજરો	૬૦૦	૬૫૩
૧૦	જુવાર	૧૪૦૦	૧૫૬૧
૧૧	મગ	–	૧૮૧૮
૧૨	અડદ	–	૧૮૭૨
૧૩	ચણા	૧૨૦૦	૧૩૫૧
૧૪	મેથી	–	૧૮૦૦
૧૫	રાય/રાયડો	–	૧૯૦૦
૧૬	સોયાબીન	૧૨૮૦	૧૩૮૧

ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૭૮૬	૧૮૬૨
૨	મગફળી	૧૨૬૦	૧૩૭૦
૩	તલ કાળા	૩૧૫૧	૩૫૯૧
૪	તલ સફેદ	૩૦૧૧	૩૦૧૧
૫	સોયાબીન	૧૩૨૫	૧૩૩૦
૬	અડદ	૧૬૫૦	૧૬૫૦
૭	મગ	૧૬૧૧	૧૬૧૧

બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૭૬૦	૧૬૨૦
૨	ઘઉં લોકવન	૫૪૬	૬૧૫
૩	ઘઉં ટુકડા	૫૬૬	૫૬૬
૪	મગફળી	૧૦૦૧	૧૪૫૦
૫	ચણા	૧૩૬૦	૧૪૪૩
૬	સોયાબીન	૬૫૦	૧૪૮૦
૭	શીંગદાણા	૧૭૨૫	૧૭૨૫
૮	મગ	૧૩૫૧	૧૩૫૧
૯	તલ સફેદ	૩૧૪૦	૩૫૦૧
૧૦	ધાણા	૨૬૦૦	૩૦૮૦
૧૧	રાયડો	૧૨૨૦	૧૨૨૦

બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૭૨૦	૧૯૨૦
૨	કપાસ મીડીયમ	૧૫૫૦	૧૭૧૦
૩	મગફળી	૧૩૪૦	૧૫૪૩
૪	તલ સફેદ	૩૧૪૦	૩૪૩૦
૫	તલ કાળા	૩૫૧૦	૩૬૪૦
૬	જીરૂ	૪૬૮૦	૫૬૧૧
૭	ચણા	૧૩૧૦	૧૩૫૦
૮	મગ	૧૮૧૦	૨૨૩૦
૯	સોયાબીન	૧૩૭૦	૧૪૬૬

રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ	૧૩૫૧	૧૫૧૬
૨	તલ કાળા	૩૨૩૨	૩૬૦૧
૩	કપાસ	૧૭૨૬	૧૮૬૪
૪	બાજરો	૪૮૧	૬૫૧
૫	ઘઉં ટુકડા	૫૬૫	૬૭૨
૬	જુવાર	૧૨૦૦	૧૬૦૦
૭	મગ	૮૦૨	૩૦૫૧
૮	સોયાબીન	૧૩૬૦	૧૩૬૦

નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ

Happy Diwali

આવનારૂ નવુ વર્ષ આપ સૌના જીવનમાં સુખ, સમૃધ્ધિનો ભંડાર લઈને આવે તેવી શુભેચ્છાઓ...

:: શુભેચ્છક ::

શ્રી સરમણભાઈ નંદાણીયા

શ્રી મેણસીભાઈ સોલંકી

મુરલીધર સ્ટોન ક્રસર

મુ.ધોળીવાવ, તા. ગીરગઢડા, જી. ગીરસોમનાથ.

શુભ દીપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ

દિવાલી તેમજ નૂતન વર્ષ

આવનારૂ નવુ વર્ષ આપ સૌના જીવનમાં સુખ, સમૃધ્ધિનો ભંડાર લઈને આવે તેવી શુભેચ્છાઓ...

શ્રી ખીમભાઈ રામ

મો. ૭૯૯૦૮૭૪૯૭૫

શ્રી સરમણભાઈ નંદાણીયા

મો.૯૮૨૫૩૭૭૧૫૮

પ્રાણનાથ સ્ટોન ક્રસર

મુ.દ્રોણ, તા. ગીરગઢડા, જી. ગીરસોમનાથ.

Diwali

દરેક ગ્રાહક મિત્રોને નવા વર્ષની શુભેચ્છાઓ...

આ નૂતન વર્ષના તહેવારોમાં ઘરે લાવો ખુશીયાં...

TVS શ્રી રામ ટી.વી.એસ. સ્વદેશી અપનાવો, દેશ બચાવો



શ્રી રામ ટી.વી.એસ.

ઉના-ભાવનગર રોડ, નેશનલ હાઈવે ૮-ઈ, વ્યાજપુર, તા.ઉના. Mo.8692898792

નૂતન વર્ષાભિનંદન

દીપાવલી નો આ પાવન તહેવાર આપને માટે લાવે ખુશીઓ અપાર, લક્ષ્મીજી વિરાજે આપને ઘર,અમારી શુભકામનાઓ ડગો સ્વીકાર,શુભ દિપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદન...

Happy Diwali FESTIVAL OF LIGHTS

:: શુભેચ્છક ::

શ્રીમતિ વૈશાલીબેન

પ્રકાશભાઈ બાંભણીયા

પ્રમુખશ્રી : ઉના તાલુકા પંચાયત

શ્રી પ્રકાશભાઈ

જીતુભાઈ બાંભણીયા

પ્રતિનિધિશ્રી : પ્રમુખ તાલુકા પંચાયત

મુ. ઉના, જી. ગીરસોમનાથ

નૂતન વર્ષાભિનંદન

આ પર્વ પર રોશની નો ઉત્સવ તમને અને તમારા પરિવારના જીવનને વધુ પ્રકાશિત કરે એવી હૃદયપૂર્વક શુભકામનાઓ.....

:: શુભેચ્છક ::



શ્રીમતિ કાજલબેન મનિષભાઈ જાલોંધરી

:: સદસ્યાશ્રી ::

જિલ્લા પંચાયત - ગીર સોમનાથ)

શ્રી મનિષકુમાર જાલોંધરા

:: પ્રતિનિધિ સદસ્યાશ્રી ::

જીલ્લા પંચાયત -ગીરસોમનાથ)

મુ. ધોકડવા, તા.ગીરગઢડા,જી. ગીર સોમનાથ

NETRA CHIKITSA TRUST

MULTI SPECIALITY HOSPITAL

ગોળ હોસ્પિટલ - અમરેલી

નિયમિત ડોક્ટર ટીમ

Contact : 9978966629

આયુષ્માન કાર્ડ અને કેશલેસ સુવિધા દ્વારા મફત સારવાર આપતી હોસ્પિટલ

ફિઝિયોથેરાપી, ડાયાલિસીસ, X-Ray, લેબોરેટરી, મેડિકલની સુવિધા ઉપલબ્ધ.



ફિઝિશિયન વિભાગ

ડૉ. વિજય મકવાણા (MD - મેડીસીન)

હૃદયરોગ-બીપી-ડાયાબિટીસ- ફેફસા-લીવર -પોઇઝન-સર્પદંશ પેરાલીસીસ-શ્વાસ તથા બધા તાવની સારવાર ઉપલબ્ધ.



બાળરોગ વિભાગ

ડો. કલ્પેશ વઘાસીયા (પીડિયાટ્રિક્સ)

બાળકોમાં જોવા મળતા બધા જ પ્રકારના રોગોનું નિદાન અને સારવાર.
તાજા જન્મેલ બાળકની સારવાર ઉપલબ્ધ.



યુરોલોજી વિભાગ

ડો. નીત ચોટાઈ (યુરોલોજીસ્ટ)

કિડની-પથરી-પ્રોસ્ટેટનું નિદાન અને ઓપરેશન.
અમરેલીના એકમાત્ર રેગ્યુલર યુરોલોજીસ્ટ.



કાન-નાક-ગળા વિભાગ

ડો. હર્ષ બારોટ (M.S. - ENT)

કાન-નાક-ગળાના બધા જ રોગોની સારવાર.
ગળા-જીભ-મોઢાના કેન્સરનું નિદાન.



ઓર્થોપેડીક (હાડકા-સ્નાયુ-સાંધા વિભાગ)

ડો. ભાર્ગવ નિમાવત (MS - Ortho)

તમામ પ્રકારના ફેક્ચર
સ્નાયુ-સાંધા-હાડકા-મણકાના દુઃખાવા.
સાંધા બદલવાના (TKR/THR) ઓપરેશન.



ગાયનેક વિભાગ

ડૉ. જુગલ (ગાયનેક)

બધા પ્રકારની ડિલિવરી.
સ્ત્રીરોગ (ગાયનેક) સબંધી બધીજ સારવાર.
ગર્ભાશયની કોથળીનું ઓપરેશન.



ગાયનેક અને આઈ.વી.એફ વિભાગ

ડો. ચેતના મુરારકર (ગાયનેકોલોજીસ્ટ)

બધા પ્રકારની ડિલિવરી.
સ્ત્રીરોગ (ગાયનેક) સબંધી બધીજ સારવાર.
ગર્ભાશયની કોથળીનું ઓપરેશન.
ટેસ્ટટયુબ બેબી સેન્ટર.



આંખ વિભાગ

ડો. પૂજા ચોટાઈ (ઓપ્થલમોલોજિસ્ટ)

આંખના બધા પ્રકારના રોગોની સારવાર.
મોતિયો-વેલ-છારીના ઓપરેશન.

લાભ પાંચમનાં પવિત્ર દિને ગંભીર ઘટના બની

લીલીયા : ગુંદરણ–પાંચ તલાવડા માર્ગ ઉપર કેરી પીકઅપ અને ટુ–વ્હીલર વચ્ચે અકસ્માત

એક યુવકનું ઘટના સ્થળે જ કરૂણ મોત : અન્ય યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત



લીલીયા, તા. ૧૪

લીલીયા તાલુકાના ગુંદરણ–પાંચ તલાવડા રોડ પર કેરી પીકઅપ વાહન અને ટુ–વ્હીલર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ટુ–વ્હીલર ચાલક પ્રિન્સ રૂપેશભાઈ ગોહિલનું ઘટના સ્થળે જ કરૂણ મોત નીપજયું હતું. જયારે ટુ–વ્હીલર પર સવાર અમિત પરમાર (ઉંમર વર્ષ ૨૦) ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા.

અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલા અમિત પરમારને તાત્કાલિક સારવાર અર્થે લીલીયા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જયાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે અમરેલી રિફર કરવામાં આવ્યા હતા.

આ અકસ્માતમાં એક યુવાનનું ઘટના સ્થળે જ મોત નીપજતાં ગુંદરણ ગામ સહિત સમગ્ર પંથકમાં શોકની લાગણી અને અરેરાટી ફેલાઈ ગઈ છે. બનાવને પગલે મૃતકના પરિવારજનોમાં ભારે શોકનો માહોલ છવાયો છે.

ગીરના પ્રવાસે નીકળેલા લોકોની અવરજવર વચ્ચે

ધારીનાં તુલસીશ્યામ માર્ગ પર બાઈક અને કાર વચ્ચે સર્જાયો જીવલેણ અકસ્માત : બાઈક સવારનું મોત

સ્થાનિક પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી



અમરેલી, તા. ૧૪

અમરેલી જિલ્લાના ગીર વિસ્તાર સહિત ધારી અને દીવ પંથકમાં ફરવા જવાના શોખીનોની ભારે અવરજવર જોવા મળી રહી છે. પ્રવાસીઓની ચહલ પહલ વચ્ચે ધારીના ગીર વિસ્તારના તુલસીશ્યામ

અનુસંધાન પાના ૬ ઉપર

અમરેલી એક્સપ્રેસ સમાચારો મોકલવા બાબત

''અમરેલી એક્સપ્રેસ'' પત્રકાર મિત્રો, એજન્ટોને નમ્ર વિનંતી કે, આપનાં વિસ્તારનાં તમામ સમાચારો ઈ–મેઈલ amreliexpress7@gmail.com એડ્રેસ પર જ મોકલવા, અનિવાર્ય સંજોગોમાં જ ''વોટસએપ'' પર સમાચાર મોકલવા વિનંતી

તંત્રી



















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)